અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

17 NOVEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 136 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886


3 મેક્સિકોમાં ભ્રષ્ટાચાર સામે હજારો GenZનું પ્રદર્શન, રાષ્ટ્રપતિના સત્તાવાર...


4 જીતની આદત જ્યારે જનૂન બને ત્યારે ક્યારેક એ અનીતિનું આચરણ કરાવે છે


6 પ્રથમ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાનો કારમો પરાજય, ખેલાડીઓની નિરાશાજનક બેટિંગ


7 કિસાન સન્માન નિધિનો 21મો હપ્તો 19 નવેમ્બરના રોજ પ્રાપ્ત થશે

### NIAએ આમિર ને દિલ્હીમાંથી પકડ્યો, તેણે આતંકી ઉમર સાથે બ્લાસ્ટનું કાવતરું રચ્યું

# દિલ્હીમાં બ્લાસ્ટ થયેલી કારનો માલિક ઝડપાયો

નવી દિલ્હી, તા.16

દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIAએ રવિવારે આતંકી ઉમરના સાથી આમિર રાશિદ અલીની દિલ્હીથી ધરપકડ કરી છે. તેણે ઉમર સાથે મળીને દિલ્હી બ્લાસ્ટનું કાવતરું રચ્યું હતું. તે જમ્મુ-કાશ્મીરના પમ્પોરના સંબૂરાનો રહેવાસી છે. i20 કાર આમિરના નામે જ રજિસ્ટર્ડ હતી. જમ્મુ-કાશ્મીર પોલીસે આતંકી ડૉ. ઉમર નબી સાથે જોડાયેલા કેટલાક લોકોને પકડ્યા છે. તપાસમાં જાણવા મળ્યું કે ડોક્ટરોવાળું આ વ્હાઈટ-કોલર મોડ્યુલ ગયા વર્ષથી એક સુસાઈડ બોમ્બર શોધી રહ્યું હતું અને તેની જવાબદારી ઉમર પર હતી.હિરાસતમાં લેવાયેલા કાઝીગુંડના જસીર ઉર્ફે દાનિશએ જણાવ્યું કે તેની આ મોડ્યુલ સાથે પહેલી મુલાકાત ઓક્ટોબર 2023માં કુલગામની એક મસ્જિદમાં થઈ હતી. બાદમાં તેને ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટી પાસે ભાડાના રૂમમાં રાખવામાં આવ્યો. મોડ્યુલ તેને ઓવરગ્રાઉન્ડ વર્કર બનાવવા માગતું હતું, પરંતુ ઉમર મહિનાઓ સુધી તેને આત્મઘાતી હુમલાખોર બનવા માટે મનાવતો રહ્યો. યોજના એટલે નિષ્ફળ ગઈ કારણ કે જસીરે આર્થિક તંગી અને ઈસ્લામમાં આત્મહત્યા હરામ હોવાની વાત કહીને સુસાઈડ બોમ્બર બનવાની ના પાડી દીધી. દિલ્હીમાં સુભાષ માર્ગ સિગ્નલ પર 10 નવેમ્બરે થયેલા બ્લાસ્ટમાં 13 લોકો માર્યા ગયા હતા. 20થી વધુ ઘાયલોની સારવાર ચાલુ છે. 3ની હાલત ગંભીર છે.





### ઉમરના ઘરે વિસ્ફોટકો બનાવવાની લેબ હતી, તે ટેલિગ્રામ પર DIY વીડિયો જોતો હતો

અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉમર ઉન નબીએ ફરીદાબાદમાં અલ-ફલાહ યુનિવર્સિટી નજીક પોતાના ઘરમાં એક લેબ બનાવી હતી, જ્યાં તે વિસ્ફોટકોનું પરીક્ષણ કરતો હતો અને બોમ્બ બનાવવાની તકનીકોનો ઉપયોગ કરતો હતો જે તેના પાકિસ્તાની હેન્ડલર્સ દ્વારા ટેલિગ્રામ દ્વારા મોકલવામાં આવી હતી.

### દિલ્હી પોલીસે 34 લાવારિસ વાહન જપ્ત કર્યા

દિલ્હી ધમાકા પછી દિલ્હી પોલીસ અલર્ટ છે. સેન્ટ્રલ દિલ્હીમાં આતંકવાદ વિરોધી સુરક્ષા વધારવામાં આવી છે. શનિવાર રાતના અભિયાનમાં પોલીસે 34 લાવારિસ વાહન જપ્ત કર્યા. સાથે જ 417 વાહનોનું ચલણ કરવામાં આવ્યું. પોલીસે બજારો, ધાર્મિક સ્થળો અને ભીડવાળા વિસ્તારોમાં હથિયારબંધ જવાન તહેનાત કર્યા છે. હોટેલ, ગેસ્ટ હાઉસ, સાઈબર કાફે, કેમિકલ શોપ્સ અને સિમ વિક્રેતાઓ પર સઘન વેરિફિકેશન ચાલી રહ્યું છે. ભાડૂતો અને મજૂરોની તપાસ પણ વધારવામાં આવી છે.

### ડૉ. શાહીન કહેતી- સમુદાયનું ઋણ ચૂકવવું છે

લખનઉની દિલ્હી બ્લાસ્ટની આતંકવાદી ડૉ. શાહીન સઈદ, પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે 10 વર્ષથી સંકળાયેલી હતી. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે શાહીન 2015માં જૈશમાં જોડાઈ હતી.2021માં જ્યારે એક સંબંધીએ ડૉ. શાહીનને તેના પતિ, બાળકો અને નોકરી છોડી દેવા બદલ ઠપકો આપ્યો, ત્યારે શાહીને જવાબ આપ્યો, 'પરિવાર અને નોકરીનો શું અર્થ છે? હું મારા માટે પૂરતું જીવી ચૂકી છું. હવે સમુદાયનું ઋણ ચૂકવવાનો સમય આવી ગયો છે.'ગુપ્તચર એજન્સીઓએ ઉમર, મુઝમ્મિલ અને શાહીન દ્વારા પ્રાપ્ત થયેલા 20 લાખના ભંડોળનો પર્દાફાશ કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ પૈસા જૈશ-એ-મોહમ્મદના હેન્ડલ દ્વારા હવાલા નેટવર્ક દ્વારા મોકલવામાં આવ્યા હોવાની શક્યતા છે.

### ઈમામ દવાઓ માટે મુઝમ્મિલના સંપર્કમાં હતો

સિરોહી મસ્જિદના ઈમામ ઈમામુદ્દીન સારવાર માટે અલ ફલાહ યુનિવર્સિટીના મેડિકલ સેન્ટરમાં જતા હતા. તેમના પુત્ર મુહમ્મદ જુનૈદે જણાવ્યું હતું કે પોલીસ તેમના પિતાને ફક્ત તપાસ માટે ત્યાં લઈ ગઈ હતી. મોહમ્મદ જુનૈદે જણાવ્યું કે તેમનો પરિવાર છેલ્લા 20 વર્ષથી અહીં રહે છે અને નજીકમાં અલ ફલાહ યુનિવર્સિટીની મેડિકલ કોલેજ છે, તેથી તેઓ ત્યાં સારવાર માટે જાય છે..તેમણે કહ્યું કે તેઓ કેટલીક દવાઓ અને તબીબી સુવિધાઓ અંગે ડૉ. મુઝમ્મિલના સંપર્કમાં હતા, તેથી જ ઈમામુદ્દીન ક્યારેક ક્યારેક ડૉ. મુઝમ્મિલ સાથે વાત કરતા હતા.

### ચેન્નાઈમાં ઓશન ઈન્સ્ટિટ્યૂટમાં સમુદ્રયાન તૈયાર થઈ રહ્યું છે

# 50% સ્વદેશી પાર્ટ, આ ખાસ વૈજ્ઞાનિક સબમરીન 4 કલાકમાં 6 કિમીની ઊંડાઈ સુધી પહોંચી શકે છે

ચેન્નાઈ, તા.16

ચેન્નાઈના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી (NIOT) ખાતે સમુદ્રયાન તૈયાર થઈ રહ્યું છે. આ વૈજ્ઞાનિક સબમરીનના ભાગોનું એસેમ્બલિંગ કરવામાં આવી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે, સમુદ્રયાનના 100% પાર્ટ્સ મૂળ રીતે ઈમ્પોર્ટ કરવાના હતા, પરંતુ COVID-19 અને ભૂ-રાજકીય ચિંતાઓને કારણે, તે મળી શક્યા નહોતા.

પરિણામે, સમુદ્રયાનના 50% પાર્ટ્સ હવે 2025માં ભારતીય સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવ્યા. NIOTના ડેપ્યુટી ડિરેક્ટર એસ. રમેશે જણાવ્યું હતું કે સમુદ્રયાનની મૂળભૂત ફ્રેમ, મત્સ્ય-6000, કોમ્યુનિકેશન, નેવિગેશન અને કંટ્રોલ સિસ્ટમ સોફ્ટવેર ભારતમાં વિકસાવવામાં આવ્યા હતા. કેટલાક કેમેરા, સેન્સર, એકોસ્ટિક ફોન અને સિન્થેટિક ફોમ આયાત કરવા પડ્યા હતા.

ધ્યેય 2026માં 30 મીટર, 200 મીટર અને 500 મીટરની ઊંડાઈએ જહાજના ત્રણ અલગ-અલગ રિહર્સલ અને પરીક્ષણો હાથ



ધરવાનું છે. બધા સાધનો અને ઘટકોને નોર્વેજીયન એજન્સી DNV (ડેટ નોર્સ્કે વેરિટાસ) તરફથી સર્ટિફિકેશન મળી ગયું છે.

સમુદ્રયાન મિશન ભારતનું પ્રથમ માનવસહિત સમુદ્રશાસ્ત્રીય મિશન છે, જેનો ઉદ્દેશ્ય મત્સ્ય-6000 નામના માનવસહિત સબમર્સિબલમાં ત્રણ વૈજ્ઞાનિકોને 6,000 મીટરની ઊંડાઈએ મોકલવાનો છે. તે ભારતના ડીપ ઓશન મિશનનો એક ભાગ છે.

આ અંતર્ગત, સમુદ્રી સંસાધનો અને જૈવવિવિધતાનો અભ્યાસ કરવામાં આવશે. 2027માં, ત્રણ ભારતીય એક્વાનોટ્સ ગગનયાન માનવ મિશન સાથે હિન્દ મહાસાગરના ઊંડાણમાં ડૂબકી લગાવશે.

સમુદ્રયાન સાગર નિધિ જહાજ દ્વારા હિન્દ મહાસાગરમાં પહોંચશે. 30 મીટર પ્રતિ મિનિટની ઝડપે નીચે ઉતરતા, તે લગભગ ચાર કલાકમાં 6 કિમીની ઊંડાઈ સુધી પહોંચશે. સેમ્પલ કલેક્શન, સર્વેક્ષણ, સ્કેનિંગ અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ માટે ચાર કલાક મળશે. એક્વાનોટ્સ સમુદ્રાયનના મોબાઈલ વાહન, મત્સ્ય-6000માં સેમ્પલ લેશે.

સમુદ્રયાનમાં બે એક્વાનોટ જશે: જતિન્દર પાલ સિંહ (પાયલોટ) અને રાજુ રમેશ (કો-પાયલોટ). બંનેએ હાલમાં ફ્રેન્ચ નોટાઈલ સબમરીનમાં 4,000 થી 5,000 મીટરની ઊંડાઈ સુધી ગયા હતા. ત્રીજા એક્વાનોટની પસંદગી NIOTના ડેપ્યુટી ડિરેક્ટર એસ. રમેશ, ગ્રુપ ડિરેક્ટર વેદાચલમ અને પ્રોજેક્ટ ડિરેક્ટર સત્ય નારાયણન દ્વારા કરવામાં આવશે.

UN-સંલગ્ન ઈન્ટરનેશનલ સીબેડ ઓથોરિટી (ISA) એ 14 દેશોને ફક્ત રિસર્ચ હેતુ માટે ઊંડા સમુદ્રનું એક્સપ્લોર કરવાની મંજુરી આપી છે. આ દેશોમાં ચીન, રશિયા, દક્ષિણ કોરિયા, ભારત, બ્રિટન, ફ્રાન્સ, પોલેન્ડ, બ્રાઝિલ, જાપાન, જમૈકા, નૌરુ, ટોંગા, કિરીબાતી અને બેલ્જિયમનો સમાવેશ થાય છે.

ભારત સરકારે 2021માં ડીપ ઓશન મિશનને મંજૂરી આપી હતી. તેનો ઉદ્દેશ્ય દરિયાઈ સંસાધનોની શોધખોળ અને ડીપ-સી ટેકનોલોજી વિકસાવવાનો છે, સાથે સાથે બ્લુ ઈકોનોમીને ઝડપથી પ્રોત્સાહન આપવાનો તેનો ઉદ્દેશ્ય છે. બ્લુ ઈકોનોમી એક એવી અર્થવ્યવસ્થા છે જે સંપૂર્ણપણે દરિયાઈ સંસાધનો પર આધારિત છે. સ્વીડન, આયર્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, સ્પેન, ન્યુઝીલેન્ડ, કોસ્ટા રિકા, ચિલી, પનામા, પલાઉ, ફીજી અને માઈક્રોનેશિયા જેવા દેશો ડીપ સી માઈનિંગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યા છે.

# શેખ હસીનાની સજા પહેલા બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી

### પાંચ જિલ્લાઓમાં હાઈવે જામ, આગચંપી, રાજધાની ઢાકામાં સેના તહેનાત

ઢાકા, તા.16

માનવતા વિરુદ્ધના ગુનાના કેસમાં બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને સજા સંભળાવવાના બે દિવસ પહેલા, આગચંપી અને હિંસાની સતત ઘટનાઓને પગલે રાજધાની ઢાકામાં સુરક્ષા કડક કરવામાં આવી છે.

હસીનાના સમર્થકોએ ઢાકા સહિત પાંચ જિલ્લામાં હાઈવે જામ કરી દીધા છે. સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શહેરમાં 12 વધારાના બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) યુનિટ તહેનાત કર્યા છે, અને તેઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે.

BGB મુખ્યાલયના જણાવ્યા અનુસાર, રાજધાનીના મુખ્ય વિસ્તારોમાં અર્ધલશ્કરી દળોની તહેનાતી વધારી દેવામાં આવી છે, જ્યાં હાલના દિવસોમાં વાહનોમાં આગચંપી અને તોડફોડની ઘટનાઓ નોંધાઈ છે.

અગાઉ, બાંગ્લાદેશ સરકારે પરિસ્થિતિને નિયંત્રિત કરવા અને કોઈપણ પ્રકારની અરાજકતાને રોકવા માટે ઢાકા અને આસપાસના જિલ્લાઓમાં BGBની 14 ટુકડીઓ



તહેનાત કરી હતી.

ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના સમર્થકો વધુને વધુ અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ માંગ કરી રહ્યા છે કે તેમની સામેના ખોટા કેસ પાછા ખેંચવામાં આવે અને ફેબ્રુઆરીમાં ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવે. શુક્રવારે, અવામી લીગના કાર્યકરો પોલીસ સાથે અથડામણ થઈ હતી.

શુક્રવારે વહેલી સવારે ઢાકામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક બે બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ પહેલા 13 નવેમ્બરના રોજ હસીના વિરુદ્ધના ચુકાદા પહેલા અવામી લીગ દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો થયા.

તેના જવાબમાં, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) અને બાંગ્લાદેશ જમાત-એ-ઈસ્લામીના કાર્યકરો ઢાકાના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને કેટલીક જગ્યાએ સરઘસ પણ કાઢ્યા હતા.

2024ના વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ભડકાવવાનો આરોપ લગાવનારા હસીના વિરુદ્ધ માનવતા વિરુદ્ધના ગુનાઓના કેસમાં ઈન્ટરનેશનલ ક્રાઈમ કોર્ટ (ICT) 17 નવેમ્બરના રોજ પોતાનો ચુકાદો આપશે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



# 'જિંદગી અહીં જ ખર્ચી નાખીશું, દેશને કંઈક આપીને જઈશું': PM મોદી

## સુરતમાં PMએ ટ્રેક મશીનમાં બેસીને બુલેટ ટ્રેન સ્ટે.નું ઈન્સ્પેક્શન કર્યું, 35 મિનિટ રોકાઈ અધિકારીઓના અનુભવ જાણ્યા








**સુરત, તા.16**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સવારે સુરત નજીક અંત્રોલી ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને પોતાના 'ડ્રીમ પ્રોજેક્ટ'ની કામગીરીની જાતે જ સમીક્ષા કરી હતી. કડક સુરક્ષા વચ્ચે લગભગ 35 મિનિટ સુધી સ્ટેશન પર રોકાણ કરીને પીએમએ સ્પીડ, ગુણવત્તા અને ટાઈમલાઈન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ખુરશી પર બેસીને વડાપ્રધાને અધિકારીઓ-એન્જિનિયરો સાથે વિસ્તૃત ચર્ચા પણ કરી અને કહ્યું કે, "હું મારા દેશ માટે કામ કરી રહ્યો છું, હું દેશને કંઈક નવુ આપી રહ્યો છું એ ભાવ સાથે તમારા દરેક અનુભવને રોકોર્ડ કરો, જે આગામી પેઢીને પણ કામ લાગશે." આ મુલાકાતની સત્તાવાર તસવીરો અને વિગતો NHSRCLએ 24 કલાક પછી જાહેર કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગતરોજ શનિવારે સવારે 9.20 વાગ્યે વિશેષ વિમાનથી સુરત એરપોર્ટ પહોંચ્યા હતા. એરપોર્ટથી પીએમ સીધા હેલિકોપ્ટરથી હેલિપેડ અને ત્યાંથી સુરતના અંત્રોલી સ્થિત દેશના પ્રથમ નિર્માણાધીન હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન સ્ટેશન સાઈટ પર પહોંચ્યા હતા. અહીં પહોંચ્યા બાદ પીએમએ સ્ટેશનના સ્ટ્રક્ચર, પ્લેટફોર્મ એલાઈનમેન્ટ તેમજ ચાલુ સિવિલ અને ઈલેક્ટ્રિકલ વર્કની માહિતી મેળવવા અધિકારીઓ-એન્જિનિયરો સાથે બેસીને વાતચીત કરી અને બુલેટ ટ્રેનની કામગીરી લઈને તેઓના અનુભવ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

પીએમએ ખુરશી પર બેસીને અધિકારીઓને સવાલ કર્યો હતો કે, તમને શું લાગે છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીની સ્પીડ ઠીક છે? તમે લોકોએ જે સમય નક્કી કર્યો હતો એ સમય પ્રમાણે કામ થઈ રહ્યું છે? તમને કામમાં કોઈ મુશ્કેલી આવી રહી છે? આ પ્રશ્નનો જવાબ આપતા અધિકારીએ જણાવ્યું હતું કે, ના કોઈ જ સમસ્યા નથી અને કામ સમયસર થઈ રહ્યું છે.

આ ચર્ચા બાદ પીએમએ બેઠેલા તમામ અધિકારીઓને સંબોધતા કહ્યું કે, જ્યાં સુધી તમારા મનમાં એવો ભાવ ઊભો નથી થતો કે, હું મારા દેશ માટે કામ કરી રહ્યો છું. હું દેશને એક નવી વસ્તુ આપુ છું. આ વાતને એક ઉદાહરણ આપીને સમજાવુ તો જેણે દેશનો પહેલો સેટેલાઈટ સ્પેસમાં તરતો મૂક્યો હશે તેણે પણ આવો જ અનુભવ કર્યો હશે અને તેના કારણે જ આજે હજારો સેટેલાઈટ સ્પેસમાં તરતા મૂકાઈ રહ્યા છે.

આ ચર્ચાના અંતે ફરી અધિકારીએ શાયરાના અંદાજમાં પોતાની વાત રજૂ કરતા કહ્યું કે, 'ના નામ ચાહિયે, ના ઈનામ ચાહિયે, ના નામ ચાહિયે, ના ઈનામ ચાહિયે, બસ દેશ આગે બઢે યે અરમાન ચાહિયે...મોદીજી આપકા હર સપના સાકાર હો, મોદીજી આપકા હર સપના સાકાર હો, દેશ કા નામ ઊંચા રહે, હર બાર બાર બાર હો. મોદીજી બુલેટ ટ્રેન હૈ પહેચાન હમારી, યે ઉપલબ્ધિ હૈ મોદીજી આપકી ઔર હમારી.' સુરત બુલેટ ટ્રેન સ્ટેશન પર બુલેટ ટ્રેન જેવા દેખાતું એક ટ્રેક મશીન નિયમિતપણે કાર્યરત છે, પરંતુ વડા પ્રધાનની મુલાકાતને ધ્યાનમાં રાખીને NHSRCL દ્વારા એક વધારાનું ટ્રેક મશીન ખાસ અત્રે લાવવામાં આવ્યું હતું. આ ટ્રેક ઈન્સ્પેક્શન મશીન દેખાવમાં ભવિષ્યની બુલેટ ટ્રેન જેવું જ હોય છે, જે તેમાં બેસનારને પ્રોજેક્ટની વાસ્તવિકતાનો અનુભવ કરાવે છે. આ મશીનમાં બેસવા માટે આરામદાયક સીટ, કાચનાં વિશાળ વિંડોઝ તથા કંટ્રોલ પેનલ જેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ ટ્રેક મશીનમાં બેસીને ટ્રેક અને સ્ટેશનના બાંધકામની વિગતવાર માહિતી મેળવી હતી. આ મશીનની સવારી દ્વારા તેમને બુલેટ ટ્રેનના રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું હતું.

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ 508 કિ.મી. લાંબો છે. તેમાંથી હાલ 326 કિ.મી. એલિવેટેડ કોરિડોરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. સુરત-બિલીમોરા વિભાગ અંતિમ તબક્કામાં છે અને તેને પ્રોજેક્ટના સૌથી ઝડપી પ્રગતિવાળા ભાગોમાં ગણવામાં આવે છે. બુલેટ ટ્રેન ભારતીય રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નવો યુગ શરૂ કરનારી મહત્વાકાંક્ષી યોજના છે, જેના પ્રારંભિક સંચાલનમાં સુરતની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રીનું આ નિરીક્ષણ પ્રોજેક્ટની ટાઈમલાઈન, સુરક્ષા અને ક્વોલિટી પેરામીટર્સની ઉચ્ચસ્તરીય સમીક્ષાનો ભાગ હતું.

# મુસાફરની બેગમાંથી ફૂટેલી કારતૂસ મળી : વડોદરા એરપોર્ટ સુરક્ષા એજન્સી ચોંકી ઊઠી, હરણી પોલીસે તપાસ હાથ ધરી

**વડોદરા, તા.16**

વડોદરાના હરણી વિસ્તારમાં આવેલા એરપોર્ટ પર મુસાફરોના સ્ક્રિનિંગ દરમિયાન એક મુસાફરના બેગમાંથી ફુટેલી કારતુસ મળી આવતા પોલીસ સહિતની વિવિધ એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતી. મુસાફરે તેને કોઈ જગ્યાથી આ ફૂટેલી કારતૂસ મળી હોય અને ભૂલથી તેની પાસે રહી ગઈ હોવાનું જણાવ્યું છે. જેથી હરણી પોલીસે હાલમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરી છે.




વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલા એરપોર્ટ ઉપરથી તાજેતરમાં જ એક વિદેશી મુસાફરના બેગમાંથી કારતુસના ખાલી ખોખા મળી આવ્યા હતા. જેને લઈને પોલીસ સહિતની એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતી અને આ વિદેશી આરોપીને ખાલી કારતૂસ ક્યાંથી આવ્યા ક્યાંથી તેની પૂછપરછ શરૂ કરાઈ હતી. ત્યારે ફરીવાર હરણી એરપોર્ટ પર તારીખ 15 નવેમ્બરના રોજ વહેલી સવારે વડોદરાથી મુંબઈ જતી ફ્લાઈટના મુસાફરોના સામાનનું સ્કિનિંગ કરવામાં આવી રહ્યું હતું તે દરમિયાન એક મુસાફરના સામાનનું સ્કીનિંગ એરપોર્ટ ઓથોરિટી દ્વારા કરાતા ટ્રોલી બેગમાં કોઈ શંકાસ્પદ વસ્તુ જણાય આવી હતી.

બાદમાં એરપોર્ટ ઓથોરિટીના સુરક્ષા કર્મચારીઓ એક્શનમા આવી ગયા હતા અને મુસાફરના બેગની ચકાસણી કરાઈ હતી. બેગમાંથી એક ફૂટેલી કારતૂસ મળી આવી હતી. એરપોર્ટ ઓથોરિટી દ્વારા ઘટના અંગે તાત્કાલિક જ હરણી પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે મુસાફરને તેની પાસે આ ખાલી કારતૂસ ક્યાંથી આવ્યું તેની પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસે આ મામલે મુસાફર પવનકુમાર હનુમાનથાપા એસ એચ (ઉંમર વર્ષ 45) ની પૂછપરછ કરતા તેઓએ જણાવ્યું કે, તેઓ મૂળ મૈસૂર કર્ણાટકના રહેવાસી છે. તેઓ ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કામ કરે છે અને તેઓ ગત 12 નવેમ્બરના રોજ ઈસ્તમ્બુલ તુર્કી દેશ ખાતેથી મુંબઈ એરપોર્ટ આવેલા અને ગત તારીખ 13 નવેમ્બરના રોજ મુંબઈથી વડોદરા એરપોર્ટ ખાતે આવી અને ત્યારબાદ તેઓ મકરપુરા જીઆઈડીસી ખાતે ઓફિસના કામથી આવેલા હતા. બાદમાં તેઓ કામ પતાવી હોટેલ હયાત વાસણા ભાયલી રોડ ખાતે બે દિવસ રોકાયા હતા.

બાદમાં ગઈકાલે સવારે મૈસૂર પોતાના ઘરે જવા માટે રવાના થયા હતા, તે દરમિયાન વડોદરા એરપોર્ટ પરથી મુંબઈ જતા પહેલા જ સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરતા બેગમાંથી ફૂટેલી ખાલી કારતુસ મળી આવતા વધુ તપાસ હાથ ધરી છે. આ કારતૂસ તેઓ તુર્કીથી મળી હોવાનું જણાવ્યું છે અને તે ભૂલથી બેગમાં રહી જોવાનું જણાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીનો PGમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો....

## વડોદરામાં જમ્મુ કાશ્મીરનો સ્ટુડન્ટ મૂવી જોઈને આવ્યા બાદ સૂતો હતો, સવારે ઉઠ્યો જ નહીં

**વડોદરા, તા.16**

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં પી.જીમાં રહી પારુલ યુનિવર્સિટીમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરતા જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થી ગતિક દાસનો મૃતદેહ રૂમમાંથી મળી આવતા ચકચાર મચી છે. આ બનાવ અંગે પીજી માલિકે પોલીસને જાણ કરતા પોલીસ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે આવી યુવકને જોતા તે મૃત હોવાનું જણાયું હતું. જેથી વિદ્યાર્થીના મૃતદેહને ગોત્રી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. આ વિદ્યાર્થીનું મોત કઈ રીતે થયું તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




ફતેગંજ વિસ્તારમાં બ્લૂ લગૂન હોટેલની પાછળ સ્કાય હોમ પી.જીમાં રહેતા મૂળ જમ્મુ કાશ્મીરના ગતિક અજયકુમાર દાસ (ઉંમર વર્ષ 25) ગત તારીખ 14 નવેમ્બરે રાત્રે 1:30 કલાકે સુભાષ કોલોની ફતેગંજ વિસ્તારમાંથી મૂવી જોઈ આવી સૂઈ ગયા બાદ ગત રોજ ન ઉઠતા પી.જી માલિકે 108ને જાણ કરી હતી.

જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થીને 108ના કર્મીએ તપાસતા તે મૃત હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે પોલીસને જાણ કરતા ફતેગંજ પોલીસ તાત્કાલિક દોડી આવી મૃતદેહનો કબ્જો લઈ ગોત્રી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યો હતો. આ વિદ્યાર્થી વડોદરા નજીક આવેલી પારુલ યુનિવર્સિટીમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થીનું શંકાસ્પદ મોત હોવાથી પોલીસે આત્મહત્યા, કુદરતી મોત કે અન્ય કોઈ બાબત છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં વિદ્યાર્થીના મિત્રોમાં દુઃખની લાગણી ફેલાઈ છે.

# રાજકોટ મનપાના 99 પ્લોટમાં દબાણો:વેસ્ટના 47, ઈસ્ટના 34 અને સેન્ટ્રલ ઝોનમાં 18 પ્લોટમાં ગેરકાયદે બાંધકામો...

**રાજકોટ, તા.16**

રાજકોટ મહાપાલિકા દ્વારા ફરી ત્રણેક દિવસથી ટીપી સ્કીમ હેઠળ માલિકીના મળેલા પ્લોટમાં દબાણો હટાવવા કામગીરી શરૂ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસમાં અનેક દબાણો હટાવીને કરોડોની જમીન ખુલ્લી કરાઈ છે. પરંતુ રાજકોટ મનપામાં ભળ્યા અને તે પૂર્વેના કબ્જા સાથે મળેલા અનેક પ્લોટમાં વર્ષોથી દબાણ છે. કોઈ આસામીની પોતાની જગ્યામાં દબાણ હોય તો લાખ પ્રયત્નો કરીને જગ્યા ચોખ્ખી કરે છે.



પરંતુ સરકારી તંત્રને જાણે પોતાની જમીનની કંઈ પડી ન હોય તેમ ટીપી સ્કીમ હેઠળ SEWSH (આવાસ) હેતુના કુલ 142 પ્લોટ પૈકી 99 જેટલા પ્લોટમાં સંપૂર્ણ કે અંશતઃ દબાણો હોવા છતાં તંત્ર જાણે સાવ લાચાર છે. અને માત્ર નાની-મોટી ડિમોલિશનની કામગીરી કરીને સંતોષ માની રહ્યું છે.

રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ગેરકાયદે બાંધકામો અને ભ્રષ્ટાચારનો મામલો સમગ્ર ગુજરાતમાં ઉઠ્યો હતો. તેમજ અનઅધિકૃત બાંધકામોને નોટીસો આપવાથી માંડીને ડિમોલીશન સહિતની કામગીરી કરાઈ હતી. જોકે આમ છતાં મનપાને પોતાના પ્લોટની જરાય ફીકર ન હોવાનું તાજેતરમાં આરટીઆઇ હેઠળ માંગવામાં આવેલી માહિતી પરથી સામે આવ્યું છે.

આરટીઆઈમાં મળેલી જાણકારી મુજબ રાજકોટમાં SEWSH (સોશિયલી & ઈકોનોમિકલી વિકર સેક્શન હાઉસિંગ-આવાસ) હેતુના મનપાનાં 99 પ્લોટમાં 10 ટકાથી માંડી 100 ટકા સુધીના દબાણો છે.

જ્યારે વેસ્ટ ઝોનનાં કુલ 6 પ્લોટમાં તો કોર્ટ કેસ ચાલી રહ્યા છે. તો સેન્ટ્રલ ઝોનમાં અનેક પ્લોટમાં આવાસ યોજનાઓ બની હોય, આ પ્લોટ દબાણમાંથી બચ્યા છે. છતાં સેન્ટ્રલ ઝોનમાં ગેરકાયદેસર દબાણો હટાવવા તંત્ર દ્વારા કોઈ નોંધપાત્ર કામગીરી થઈ નથી.

પૂર્વ ઝોનની વાત કરીએ તો એસઈડબલ્યુએસ હેતુના ફાઈનલ અને પ્રિલી ટીપી સ્કીમના 36 પ્લોટ રહેલા છે. ટીપી રાજકોટ અને ટીપી કોઠારીયાના પ્લોટ તેમાં સામેલ છે. જેમાં કોઠારીયાના તમામ 13 પ્લોટમાં નાના-મોટા દબાણ છે. જ્યારે 11 પ્લોટમાં તો 100 ટકા દબાણ છે. મકાન, તોડેલી ફેન્સીંગ, વોંકળામાં બાંધકામ સહિતનાં દબાણો મનપાનાં પ્લોટમાં થયા છે. એક જગ્યાએ તો સોસાયટીએ વૃક્ષારોપણ, મંદિરો, કોમર્શિયલ બાંધકામો, એક કંપનીના દબાણ, એક સાથે નાની સોસાયટી જેટલા મકાનો, ઓરડી, મફતીયાપરાના દબાણો છે.

સેન્ટ્રલ ઝોનમાં ઘણા પ્લોટમાં આવાસ યોજનાઓ બની ગઈ છે. છતાં આ હેતુના 47 પૈકી 18 પ્લોટ દબાણગ્રસ્ત છે. અલગ અલગ સોસાયટીઓ બનાવવામાં આવી છે. આવાસ યોજનાના પણ નિર્માણ થયા છે. તો ઘણા પ્લોટમાં 100-100 ટકા દબાણ પણ રહેલા છે. રહેણાંક, કોમર્શિયલ, મંદિરના બાંધકામો તેમાં સામેલ છે. ઘણા પ્લોટ આવાસ યોજના વિભાગના હવાલે છે. ત્રણ ખુલ્લા પ્લોટ છે.

વેસ્ટ ઝોનમાં ન્યુ રાજકોટ સહિતના વિસ્તારમાં 59 પ્લોટ છે. જેમાંથી 47માં દબાણ છે. જેમાં 5 ટકાથી લઈ 100 ટકા સુધીના દબાણ છે. એક ઓરડીના કારણે પણ દબાણ રેકર્ડ પર છે. 6 પ્લોટમાં કોર્ટ કેસ ચાલી રહ્યો છે. ટીપી 1 અને 4 ઓવરલેપ થતા સાઈટ પર કબ્જો લેવાતો નથી. મંદિર, દેરી, ચબુતરો, વૃક્ષારોપણ, રહેણાંક અને કોમર્શિયલ બાંધકામો સહિત રૈયા, નાના મવા, મવડી સહિતના વિસ્તારોમાં આ દબાણો કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આમ મનપાની માલિકીના માત્ર આ હેતુના 142 પ્લોટ પૈકી 99 પ્લોટમાં દબાણ હોવાથી આ જગ્યાનો કોઈ હેતુ માટે ઉપયોગ થતો નથી. માત્ર આવાસ નહીં પરંતુ અન્ય જાહેર હેતુ માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. જે માટે નમુનારૂપ નહીં પરંતુ નકકર કામગીરીની જરૂર છે. જોકે લોકો કે વિપક્ષ દ્વારા જ્યારે આ મામલે સવાલો ઉઠવાય છે ત્યારે તંત્ર દ્વારા બે-ચાર ડિમોલિશન કરી સંતોષ માની લેવામાં આવે છે. એટલું જ નહીં બુલડોઝર ફેરવી ખુલ્લા કરવામાં આવેલા પ્લોટમાં ફરી દબાણ થાય નહીં તે માટે પણ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

# ભાવનગરમાં ફોરેસ્ટ અધિકારીની પત્ની અને બે સંતાનની લાશ મળી

## 10 દિવસથી ગુમ માતા, પુત્ર-પુત્રીને ઘરથી 20 ફૂટ દૂર જ દાટી દીધા હતા, ACF પતિએ હત્યા કરી હોવાની આશંકા

**ભાવનગર, તા.16**

ભાવનગરમાં ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારીના પત્ની અને બે સંતાોનીની ફોરેસ્ટ કોલોનીમાં આવેલા તેમના ઘરથી 20 ફૂટ દૂરના અંતરેથી ખાડામાં દાટી દીધેલી લાશો મળી છે. 5 નવેમ્બરના રોજ નયનાબેન પુત્રી પૃથા અને પુત્ર ભવ્ય સાથે 10 દિવસ પહેલા સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા. ત્યાર બાદ જેની પોલીસને જાણ પણ કરવામાં આવી હતી. ત્રણેયની હત્યા કરી લાશ દાટી દેવાઈ હોવાની પ્રબળ આશંકા સેવવામાં આવી રહી છે.



આ પહેલાં ભાવનગરની ભરતનગર પોલીસને ઘર પાસે થયેલા ભેદી ખોદકામ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે આજે ત્યાં ખોદકામ કર્યું હતું અને ત્રણેયની ડેડબોડી બહાર કાઢી હતી. ભાવનગર એસપી નિતેશ પાંડેએ કહ્યું કે, ACF(આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ) પતિ શૈલેષ ખાંભલા શંકાના દાયરામાં છે.

ભાવનગર એસપીએ જણાવ્યું કે, ફોરેસ્ટ ખાતામાં ACF શૈલષ ખાંભલાએ 7 નવેમ્બરના રોજ ભરતનગર પોલીસ સ્ટેશનમાં જાહેરાત કરી હતી કે, તેમના પત્ની નયનાબેન તથા દીકરો-દીકરી 5 નવેમ્બરથી ગુમ છે. પરિવાર સુરત રહેતો હતો અને રજામાં અહીં તેની સાથે રહેવા આવ્યા હતા. આ જાણવાજોગ દાખલ થયા બાદ અમારી ટીમો તપાસ કરતી હતી. એસપીએ આગળ કહ્યું કે,. તપાસનીશ ટીમને ગઈકાલે માહિતી મળી કે, જે દિવસે મિસિંગ થયા તે સમય આસપાસ ફોરેસ્ટ કોલોનીની બગલમાં ખોદકામ કરાવ્યું હતું અને શંકાસ્પદ કામગીરી થઈ હતી. તેના આધારે અમારી ટીમો, FSL અધિકારીઓ તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તથા ડોગને સાથે રાખી જે ખોદકામ થયેલી જગ્યા હતી ત્યાં ખોદકામ કર્યું હતું. જ્યાંથી ત્રણ બોડી મળી, આ મૃતદેહ નયનાબેન અને તેમના દીકરા-દીકરીના છે, જેની પરિવારે ઓળખ કરી હતી. ત્યાર બાદ ડેડબોડી પોસ્ટમોર્ટમ માટે મોકલાઈ હતી. કેવી રીતે મોત થયું અને મૃત્યુનું કારણ શું છે, તેમાં કોણ સામેલ છે? જેની તપાસ ચાલી રહી છે. આ અંગે પ્રાથમિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૃતકના પતિ શૈલેષ ખાંભલા બોટાદ સબ ડિવિઝનના વિસ્તરણ વિભાગના ACF હતા અને તેના ક્વાર્ટરની બાજુમાં જ અવાવરું જગ્યા પર અંદાજિત 5 થી 7 ફૂટ ખાડો જેસીબી દ્વારા કચરો નાંખવા માટે ખોદી નાખવામાં આવ્યો હતો.

# મેક્સિકોમાં ભ્રષ્ટાચાર સામે હજારો GenZનું પ્રદર્શન

## રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાનની દિવાલો તોડી, પોલીસ પર હથોડા-લાકડીઓથી હુમલો, 120 ઘાયલ







**મેક્સિકો, તા.16**

મેક્સિકોમાં હજારો GenZ સભ્યો વધતા ગુના, ભ્રષ્ટાચાર, હિંસા માટે સજા મુક્તિ અને જાહેર સલામતીના અભાવનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા. GenZ એ રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન, નેશનલ પેલેસની સુરક્ષા દિવાલો તોડી નાખી. વિરોધીઓએ પોલીસ પર પથ્થરો, હથોડા, ફટાકડા, લાકડીઓ અને સાંકળોથી હુમલો કર્યો. પોલીસે તેમને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો.

રાજધાનીના સુરક્ષા સચિવ, પાબ્લો વાઝક્વેઝે, ધ ઈન્ડિપેન્ડન્ટને જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનોમાં 120 લોકો ઘાયલ થયા હતા, જેમાંથી 100 પોલીસ અધિકારીઓ હતા અને 20 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષે ઘણા દેશોમાં GenZ યુવાનો અસમાનતા, લોકશાહીના પતન અને ભ્રષ્ટાચારનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા છે. નેપાળમાં, સપ્ટેમ્બરમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધને કારણે મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા, જેના કારણે વડા પ્રધાને રાજીનામું આપ્યું હતું.

મેક્સિકોમાં યુવાનો ભ્રષ્ટાચાર અને હિંસક ગુનાઓ માટે સજા-મુક્તિથી પણ પરેશાન છે. 'આપણને વધુ સુરક્ષાની જરૂર છે,' 29 વર્ષીય બિઝનેસ કન્સલ્ટન્ટ એન્ડ્રેસ માસ્સાએ કહ્યું.

આ પ્રદર્શનોમાં ફક્ત યુવાનો જ નહીં, પણ આધેડ અને વૃદ્ધ લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. 'અમે જાહેર આરોગ્ય પ્રણાલી માટે વધુ ભંડોળ ઈચ્છીએ છીએ,' 43 વર્ષીય ચિકિત્સક એરિસ્બેથ ગાર્સિયાએ કહ્યું. 'પરંતુ સૌથી મોટી સમસ્યા સુરક્ષાની છે. ડોકટરો પણ અસુરક્ષિત છે. અહીં કોઈનું મૃત્યુ થાય છે અને કંઈ થતું નથી.' મેક્સિકોમાં તાજેતરમાં થયેલા હાઈ-પ્રોફાઈલ હત્યાઓના કારણે રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમ સામે લોકોનો ગુસ્સો ભડક્યો છે, જેમણે પ્રદર્શનના થોડા દિવસો પહેલા જમણેરી વિપક્ષી પક્ષો પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું કે આ જૂથો GenZ ચળવળમાં ઘૂસણખોરી કરી રહ્યા છે અને વિરોધ પ્રદર્શનોને મોટા દેખાડવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે.

જોકે, આ અઠવાડિયે કેટલાક GenZ સોશિયલ મીડિયા પ્રભાવકોએ વિરોધ પ્રદર્શનો માટેનો પોતાનો ટેકો પાછો ખેંચી લીધો હતો. આ દરમિયાન, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વિસેન્ટ ફોક્સ અને મેક્સીકન અબજોપતિ ઉદ્યોગપતિ રિકાર્ડો સેલિનાસ પ્લેજોએ સોશિયલ મીડિયા પર વિરોધ પ્રદર્શનોને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. વિરોધ પ્રદર્શનોમાં, GenZ (18 થી 29 વર્ષની વયના યુવાનો) જાપાની કોમિક બુક 'વન પીસ' ના પાત્ર 'લફી' નો ઉપયોગ તેમના પ્રતીક તરીકે કરી રહ્યા છે. વિરોધીઓ ખોપરીની ટોપીનું પ્રતીક લઈને જોવા મળે છે, જે લફીનો ટ્રેડમાર્ક છે.

વિદ્યાર્થી નેતા લિયોનાર્ડો મુન્યોસે કહ્યું 'લુફી એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે, લોકોને ભ્રષ્ટ અને સરમુખત્યારશાહી શાસકોથી મુક્ત કરાવે છે. અહીં પણ પરિસ્થિતિ એવી જ છે. અમે હવે ચૂપ નહીં રહીએ.'

વિદ્યાર્થી સેન્ટિયાગો ઝાપાટાએ કહ્યું, 'આપણે મૃત્યુ અને ભ્રષ્ટાચારના સામાન્યીકરણથી કંટાળી ગયા છીએ. આપણી પેઢી ચૂપ બેસી રહેશે નહીં. સરકારે લોકોથી ડરવું જોઈએ, લોકોથી સરકારથી નહીં.'

વન પીસ એક લોકપ્રિય જાપાની કોમિક બુક અને એનાઈમ શ્રેણી છે. તેની વાર્તા સ્વતંત્રતા, મિત્રતા અને ન્યાય માટે લડતા ચાંચિયાઓ પર કેન્દ્રિત છે. આ શ્રેણી વિશ્વભરના યુવાનોમાં અત્યંત લોકપ્રિય છે.

# જોધપુરમાં સ્કોર્પિયોએ કચડી નાખતા 3 વર્ષના બાળકનું મોત

## માસૂમ રસ્તાની સાઈડમાં રમી રહ્યો હતો, છાતી પરથી કારનું વ્હીલ પસાર થઈ ગયું

**જોધપુર, તા.16**

જોધપુરમાં રસ્તા પર રમતા 3 વર્ષના બાળકને સ્કોર્પિયોએ કચડી નાખ્યો. કારનું પાછળનું વ્હીલ બાળકની છાતી પરથી પસાર થઈ ગયું. બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. આ જોઈને નજીકમાં રમતા બાળકો ઘટનાસ્થળે દોડી ગયા અને રસ્તા પર પડેલા બાળકને ઉઠાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જાગ્યો નહીં. ઘટનાની માહિતી મળતાં જ પરિવારના સભ્યો ઘટનાસ્થળે દોડી ગયા અને પોલીસને જાણ કરી.

આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કાર બાળકને કચડીને પસાર થઈ જતી જોવા મળે છે. રવિવારે સવારે 11.30 વાગ્યે કુડી ભગતાસની પોલીસ સ્ટેશન હેઠળની કેકે કોલોનીમાં આ અકસ્માત થયો હતો. પોલીસે એસયુવીની ઓળખ કરી લીધી છે અને આરોપી ડ્રાઈવરને પકડવાનો પ્રયાસ કરી રહી છે.

બાળકના કાકા વિજયે જણાવ્યું કે અકસ્માત સમયે પ્રિન્સ (૩) તેની માતા રિંકી સાથે પડોશમાં તેની



માસીના ઘરે ગયો હતો. તે બહાર રમી રહ્યો હતો ત્યારે એક ઝડપથી આવતી સ્કોર્પિયોએ તેને કચડી નાખ્યો. આ પરિવાર મૂળ બિહારના બક્સર જિલ્લાનો રહેવાસી છે. પ્રિન્સના પિતા લાલુ કુમાર એક ફેક્ટરીમાં કામ કરે છે. અકસ્માત સમયે તે કામ પર ગયા હતા.

કુડી ભગતાસની પોલીસ સ્ટેશનના અધિકારી હમીર સિંહ ભાટીએ જણાવ્યું કે આ ઘટના આજે સવારે લગભગ 11.30 વાગ્યે સેક્ટર 6માં કેકે કોલોનીમાં બની હતી. એક 3 વર્ષના બાળકને SUVએ કચડી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બાળકના મૃતદેહને જોધપુર AIIMSના શબઘરમાં મૂકવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# રાજસ્થાનના ફતેહપુરમાં પારો 5 ડિગ્રી, હિમાચલના તાબોમાં માઈનસ 6.6°...

## MPના 4 જિલ્લામાં તાપમાન 10°Cથી નીચે; દિલ્હીમાં AQI 450ને પાર



**નવી દિલ્હી, તા.16**

કોલ્ડવેવથી મેદાનીય વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, છત્તીસગઢ, પંજાબ, હરિયાણા અને બિહાર-ઝારખંડમાં ઠંડી વધી છે. છેલ્લા 24 કલાકમાં પારો 2 થી 3 ડિગ્રી ઘટ્યો છે.

રાજસ્થાનમાં, સીકર ફતેહપુરમાં લઘુત્તમ તાપમાન 5C અને સીકરમાં 5.4C નોંધાયું. મધ્યપ્રદેશના ચાર જિલ્લાઓમાં તાપમાન 10Cથી નીચે નોંધાયું. રેવા અને નૌગાંવમાં તાપમાન 7Cની આસપાસ નોંધાયું.

આ દરમિયાન, હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં તાપમાન શૂન્ય અથવા તેનાથી નીચે નોંધાયું હતું. તાબોમાં સૌથી ઓછું તાપમાન માઈનસ 6.6 ડિગ્રી નોંધાયું હતું.

દિલ્હીમાં ઠંડીની સાથે પ્રદૂષણનું સ્તર પણ વધ્યું છે. રવિવારે સવારે 8:30 વાગ્યા સુધીમાં, AQI સ્તર 450થી વધુ નોંધાયું હતું.

ઉત્તર ભારતમાંથી સતત ઠંડા પવન ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે રાજસ્થાનમાં ઠંડીનું વાતાવરણ યથાવત છે. રવિવારે સીકર જિલ્લામાં કોલ્ડવેવનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જયપુર અને અજમેર વિભાગના જિલ્લાઓમાં સવારે અને સાંજે શીતલહેરનો અનુભવ થઈ રહ્યો છે. આ વિભાગોના મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી નીચે છે. રવિવારે સીકર જિલ્લામાં કોલ્ડવેવનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

રાજ્યમાં નવેમ્બર મહિનાની ઠંડી રેકોર્ડ તોડી રહી છે. શનિવાર-રવિવારની રાત્રે ભોપાલમાં લઘુત્તમ તાપમાન 6.4 ડિગ્રી નોંધાયું હતું. ઈન્દોરમાં પણ લઘુત્તમ તાપમાન 6.4 ડિગ્રી નોંધાયું હતું. તે અહીં સિઝનની સૌથી ઠંડી રાત હતી. જબલપુરમાં પણ સિઝનની સૌથી ઠંડી રાતનો અનુભવ થયો. પહેલીવાર તાપમાન ઘટીને 8.5 ડિગ્રી થયું. ઉજ્જૈનમાં 10.5 ડિગ્રી અને ગ્વાલિયરમાં 10.1 ડિગ્રી નોંધાયું હતું.

# તેજ પ્રતાપે કહ્યું-એક ઈશારો...જયચંદોને જમીનમાં દાટી દઈશું:તેજસ્વી ફેલસ્વી છે, બહેન રોહિણીને કાઢી મુકવા બાબતે મારા હૃદયને હચમચાવી નાખ્યું....

**પટના, તા.16**

લાલુ પરિવારમાં મચેલું ઘમાસાણ શાંત થવાનું નામ લઈ રહ્યું નથી. પરિવાર અને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા તેજ પ્રતાપ યાદવ તેમની બહેન રોહિણી આચાર્યના પરિવાર અને પાર્ટીથી અલગ થવાના વિવાદથી નારાજ છે. તેમની પાર્ટીએ ગઈકાલે મોડી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી.



14 નવેમ્બરના રોજ ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ તેજ પ્રતાપ યાદવે તેજસ્વી યાદવ અને તેમના નજીકના સાથીઓને નિશાન બનાવ્યા હતા. તેમની પાર્ટી, JJDએ હાર બાદ ફેસબુક પર પોસ્ટ કરી હતી.

તેમાં લખ્યું હતું, 'તેજશ્વી ફેલસ્વી થઈ ગયો છે. જયચંદોએ આરજેડીને નબળી કરી દીધી છે. મોદી વિશ્વના એક મજબૂત નેતા છે. એનડીએની એકતા જીતી ગઈ છે.'

આરજેડી વડા લાલુ યાદવની પુત્રી રોહિણી આચાર્યના રાજકારણ છોડવા અંગે, ભૂતપૂર્વ સીએમ રાબડી દેવીના ભાઈ સાધુ યાદવે કહ્યું, 'રાબડી દેવી મારી બહેન છે અને મેં પણ ઘણું સહન કર્યું છે, પરંતુ મેં મારી બહેન વિરુદ્ધ એક પણ શબ્દ નથી કહ્યો.'

'હું જે કંઈ સાંભળી રહ્યો છું, લોકો જે કંઈ કહી રહ્યા છે, તે ખોટું છે. રોહિણી મારી ભત્રીજી છે, અમારા પરિવારની દીકરી છે, અને બિહારની દીકરી છે. જો કોઈએ તેની સાથે આવું વર્તન કર્યું હોય, તો તે ખોટું છે.'

અનુષ્કા યાદવના ભાઈ આકાશ યાદવે પણ લાલુ પરિવારમાં ચાલી રહેલા ઘમાસાણ પર પ્રતિક્રિયા આપી. આકાશ યાદવે કહ્યું, તેજશ્વી જી, મેં ક્યારેય અપેક્ષા નહોતી રાખી કે પાપ તમારા પર આટલું હાવી થઈ જશે. તેજસ્વી જી, જે બીજા લોકોની માતાઓ અને બહેનોનો આદર નથી કરતા, તેમણે આજે પોતાની માતા અને બહેનનું અપમાન કર્યું છે.

તમે કહ્યું હતું કે તમે આકાશના આખા પરિવારને ખતમ કરી દેશો. ચૂંટણી દરમ્યાન, અમે અમારા પરિવારનું રક્ષણ કરવા માટે મહાકાલને પ્રાર્થના કરી, અને જો તેજસ્વી યાદવે સરકાર બનાવી હોત, તો ભગવાન પરનો મારો વિશ્વાસ ખતમ થઈ ગયો હોત.

'બિહારના લોકોનો આભાર. આજે અમારા પરિવારને તેજસ્વી યાદવના ગુંડાઓથી બચાવી લેવામાં આવ્યો અને સુશાસનની સરકાર આવી ગઈ.'

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, લાલુ પરિવારમાં તણાવ વધી ગયો છે. રોહિણી આચાર્યએ શનિવારે એક પોસ્ટમાં જાહેરાત કરી હતી કે તે રાજકારણ છોડી રહી છે અને તેના પરિવાર સાથેના સંબંધો તોડી રહી છે.

આના એક દિવસ બાદ, એટલે કે આજે, રોહિણી આચાર્યએ એક પછી એક બે સોશિયલ મીડિયા પોસ્ટ કરી અને તેજસ્વી યાદવ અને સંજય યાદવ પર ગંભીર આરોપો લગાવ્યા.

આ રવિવારે સવારે રોહિણીએ એક ભાવનાત્મક પોસ્ટ પોસ્ટ કરી જેમાં લખ્યું હતું કે, 'મને મારા પિયરનું ઘર છોડવા મજબુર કરવામાં આવી હતી. મને અનાથ કરવામાં આવી હતી. હું રડતી રડતી ઘરેથી નીકળી હતી. મને મારવા માટે ચંપલ ઉઠાવવામાં આવ્યા હતા.' મેં મારા આત્મસન્માન સાથે કોઈ સમાધાન કર્યું નથી. તમે બધા ક્યારેય મારા માર્ગ પર ન ચાલો.

# રોહિણીએ જેના પર ચપ્પલ ઉઠાવવાનો આરોપ લગાવ્યો હતો તે કોણ:રમીઝ વિરુદ્ધ યુપીમાં હત્યા સહિત 12 કેસ, તે હરિયાણાના સંજય તેજસ્વીનો નજીકનો સાથી છે...

**પટના, તા.16**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, લાલુ પરિવારમાં ઘમાસાણ મચી ગયું છે. પરિવાર વિખેરાઈ રહ્યો છે, અને તેજસ્વીના નજીકના સાથીઓ, સંજય યાદવ અને રમીઝ નેમતને આ માટે દોષી ઠેરવવામાં આવી રહ્યા છે. તેજ પ્રતાપ યાદવ, જે લાંબા સમયથી તેમને જયચંદ કહે છે, હવે લાલુ યાદવની પુત્રી રોહિણી દ્વારા તેમની ટીકા કરવામાં આવી છે.

રાજકારણ છોડવાનો અને પરિવાર સાથેના સંબંધો તોડવાનો નિર્ણય જાહેર કર્યાના એક દિવસ બાદ, રોહિણી આચાર્યએ સોશિયલ મીડિયા પોસ્ટમાં નવા આરોપો લગાવ્યા.

રવિવારે સવારે, તેણે ફેસબુક પર લખ્યું: 'ગઈકાલે, એક પુત્રી, એક બહેન, એક પરિણીત સ્ત્રી, એક માતાનું અપમાન કરવામાં આવ્યું, અપશબ્દો કહેવામાં આવ્યા, અને માર મારવા માટે ચપ્પલ ઉઠાવવામાં આવ્યા. મેં મારા આત્મસન્માન સાથે સમાધાન કર્યું નથી.'

'બસ આના કારણે, મને અપમાન સહન કરવું પડ્યું. ગઈકાલે, એક દીકરીને રડતા રડતા માતા-પિતા અને બહેનોને છોડીને જવા મજબુર કરવામાં આવી હતી. મને મારું પીયર છોડવા મજબુર કરવામાં આવી હતી. મને અનાથ કરવામાં આવી હતી. તમે બધા ક્યારેય મારા માર્ગ પર ન ચાલો. કોઈ પણ ઘરમાં ક્યારેય રોહિણી જેવી દીકરી કે બહેન ન હોય.'

સંજય યાદવ રાજ્યસભાના સાંસદ છે અને તેજસ્વીના PA છે. એવું માનવામાં આવે છે કે તેઓ તેમની સલાહ વિના કોઈ કાર્યવાહી કરતા નથી. તેજસ્વીએ ક્યાં જવું અને કોને મળવું જોઈએ તે સંજય નક્કી કરે છે. રમીઝ તેજસ્વી સાથે પણ કામ કરે છે. ઉત્તર પ્રદેશમાં તેમની સામે હત્યાનો કેસ નોંધાયેલો છે. લાલુ પરિવારમાં ઘમાસાણ મચાવનારા સંજય અને રમીઝ વિશે જાણો...

સંજય યાદવ હરિયાણાના મહેન્દ્રગઢના નાંગલ સિરોહી ગામના રહેવાસી છે. તેમના ચૂંટણી સોગંદનામા મુજબ, સંજય કોમ્પ્યુટર સાયન્સમાં અનુસ્નાતક છે અને તેમની પાસે 2.18 કરોડ રૂપિયાની સંપત્તિ છે.

તેજસ્વી અને સંજય 2012ની આસપાસ દિલ્હીના એક ક્રિકેટ ગ્રાઉન્ડ પર મળ્યા હતા. 2013માં, જ્યારે લાલુ યાદવને ઘાસચારા કૌભાંડમાં જેલમાં મોકલવામાં આવ્યા, ત્યારે તેજસ્વી પટના પાછા ફર્યા. રાજકારણ શીખવાનું શરૂ કરતાં, તેમણે તેમના મિત્ર સંજયને પટના બોલાવ્યા. સંજય એક મલ્ટી નેશનલ IT કંપનીમાં નોકરી છોડીને પટના આવ્યા.

વરિષ્ઠ પત્રકાર સંતોષ સિંહ તેમના પુસ્તક 'JP to BJP: Bihar After Lalu and Nitish' માં લખે છે, 'સંજયે તેજસ્વીને સમાજવાદી રાજકારણ પર અસંખ્ય પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કર્યા. તેઓ દેશના ટોપ નેતાઓ, અટલ બિહારી વાજપેયી, જ્યોર્જ ફર્નાન્ડિસ, કાંશીરામ, માયાવતી, ચંદ્રશેખર અને વીપી સિંહના ભાષણો બતાવતા અને સંભળાવતા, જેથી તેઓ સારી ભાષણ કરવાની કળા શીખી શકે.'

રાજકીય નિષ્ણાત પ્રિયદર્શી રંજન સમજાવે છે, 'બિહાર આવ્યા પછી, સંજયે અહીંના રાજકારણને સમજવામાં, ચૂંટણી સમીકરણો અને આંકડાઓ પર કામ કરવામાં થોડા વર્ષો ગાળ્યા. તેમણે જરૂર મુજબ RJD માં વિવિધ ટેકનોલોજીકલ અને ડિજિટલ ફેરફારો પણ કર્યા.'



રમીઝ ભૂતપૂર્વ સપા સાંસદ રિઝવાન ઝહીરના જમાઈ છે. તેઓ આરજેડીના સોશિયલ મીડિયા અને ચૂંટણી કામકાજ સંભાળે છે. તેમની પત્ની, ઝેબા રિઝવાન, બે વાર તુલસીપુર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી ચૂકી છે. રોહિણીની પોસ્ટ બાદ, સપા વડા અખિલેશ યાદવ સાથેના તેમના ફોટા વાયરલ થયા છે.

તુલસીપુર તાલુકાના ભંગહાલકા ગામના રહેવાસી રમીઝ પર અનેક ગુનાહિત કેસ નોંધાયેલા છે. 2021ની પંચાયત ચૂંટણી દરમિયાન હિંસા, આગચંપી અને રમખાણોનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, બાદમાં કોર્ટે તેને નિર્દોષ જાહેર કર્યો હતો.

રમીઝ તુલસીપુર નગર પંચાયતના ભૂતપૂર્વ અધ્યક્ષ ફિરોઝ પપ્પુની 2022માં થયેલી હત્યામાં નામદાર આરોપી છે. આ કેસમાં તેના પર NSA અને ગેંગસ્ટર એક્ટ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. કૌશાંબીના કોખરાજ પોલીસ સ્ટેશનમાં તેની સામે હત્યાનો કેસ પણ નોંધાયેલ છે. બલરામપુર જેલમાં લાંબો સમય વિતાવ્યા બાદ, તેને એપ્રિલ 2025 માં જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.

રોહિણી આચાર્યના જાહેર આરોપો, રમીઝના નામ સાથે, હવે એક નવું રાજકીય તોફાન શરૂ થયું છે, જેનાથી લાલુ પરિવારમાં આંતરિક સંઘર્ષો, ચૂંટણી વ્યૂહરચના અને બહારના હસ્તક્ષેપ વિશે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

18 સપ્ટેમ્બરના રોજ, લાલુ યાદવની બીજી પુત્રી, રોહિણી આચાર્યએ ફેસબુક પર આલોક કુમાર નામના આરજેડી સમર્થકના નામે એક પોસ્ટ શેર કરી હતી.

પોસ્ટમાં લખ્યું હતું કે, 'આપણે બધા, આખા બિહાર સાથે, લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવને આગળની હરોળમાં બેઠેલા જોવા માટે ટેવાયેલા છીએ. આપણે તેમની જગ્યાએ બીજા કોઈને સ્વીકારી શકતા નથી. જેઓ બીજા દરજ્જાના વ્યક્તિને એક તેજસ્વી રણનીતિકાર, સલાહકાર અને તારણહાર તરીકે જુએ છે... તે અલગ વાત છે.'

આલોક કુમારની આ પોસ્ટ નીચે એક ફોટો ચોંટાડવામાં આવ્યો હતો, જેમાં સંજય યાદવ બિહાર અધિકાર યાત્રા બસની જમણી બાજુની આગળની સીટ પર બેઠા હતા.

બીજા દિવસે, 19 સપ્ટેમ્બરના રોજ, જ્યારે તેમણે પોતાના 'X' હેન્ડલ પરથી પાર્ટી અને પરિવારના દરેક સભ્ય, જેમાં લાલુ અને રાબડીનો પણ સમાવેશ થાય છે, તેને અનફોલો કર્યા ત્યારે મતભેદના અહેવાલોએ જોર પકડ્યું. ત્યારબાદ, લાલુ પરિવારમાં અણબનાવના મીડિયા અહેવાલો ફરતા થવા લાગ્યા.

લાલુ યાદવે તેજસ્વી યાદવને છૂટ આપી હોવાનું કહેવાય છે. તેજસ્વીના સંપૂર્ણ સત્તામાં પ્રવેશ પછી, તેમના નજીકના સાથી સંજય યાદવનો પ્રભાવ પણ વધ્યો છે.

રોહિણીએ આડકતરી રીતે સંજય પર નિશાન સાધ્યું છે. જોકે, તેજ પ્રતાપ યાદવે પહેલા પણ ખુલ્લેઆમ તેમની ટીકા કરી છે. આજકાલ, તેજ પ્રતાપ તેમને 'જયચંદ' કહે છે. એવું કહેવાય છે કે તે સંજયનો ઉલ્લેખ કરી રહ્યા છે.

20 ઓગસ્ટ, 2021: તેજ પ્રતાપ યાદવ તેમના નાના ભાઈ તેજસ્વીને મળવા ગયા. તેઓ તેમને મળ્યા વિના પાછા ફર્યા. ત્યારબાદ, તેજ પ્રતાપે કહ્યું, 'તેજસ્વી યાદવના અંગત સહાયક સંજય યાદવે મુલાકાત અટકાવી. તેઓ અમને મળવા દેતા નથી.'

9 ઓક્ટોબર, 2021: તેજ પ્રતાપ યાદવની છાત્ર જનશક્તિ પરિષદ દ્વારા સમર્થિત ઉમેદવાર સંજય યાદવે તારાપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પોતાનું ફોર્મ ભર્યું, પરંતુ બીજા દિવસે તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. ત્યારબાદ તેજ પ્રતાપે એક પોસ્ટ કરી.

તેમણે લખ્યું, 'સંજય યાદવે જાહેર જનતા માટે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. મેં કંઈ કહ્યું કે લખ્યું નહીં, તો આમાં તેની શું ભૂમિકા હતી અથવા શું ભૂમિકા ભજવે છે? તમે હરિયાણવી સ્ક્રિપ્ટ રાઈટર, તમારી નકામી સી-ગ્રેડ વાર્તા બીજે ક્યાંક લખો.'

આ વર્ષે 24 મેના રોજ, તેજ પ્રતાપ યાદવના ફેસબુક એકાઉન્ટ પરથી એક ફોટો પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે અનુષ્કા યાદવ સાથે 12 વર્ષથી રિલેશનશિપમાં હતો. જોકે, થોડા કલાકોમાં જ આ પોસ્ટ ડિલીટ કરી દેવામાં આવી હતી.

આ પછી, તેજ પ્રતાપ યાદવે રાત્રે 10:56 વાગ્યે X પર પોસ્ટ કરી, જેમાં જણાવ્યું કે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ હેક કરવામાં આવ્યા છે અને તેમને બદનામ કરવાનો અને હેરાન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેજ પ્રતાપ અને અનુષ્કા શર્માના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા. બીજા દિવસે, 25 મેના રોજ, લાલુ યાદવે તેજ પ્રતાપને પાર્ટી અને પરિવારમાંથી હાંકી કાઢ્યા.

તંત્રી લેખ

## એનડીએના આયોજન સામે મહાગઠબંધન ભાંગી પડયું

બિહાર વિધાનસભા ચૂંટણીની આવેલા પરિણામે તમામ રાજકીય અટકળો અને ધારણાઓને સાઈડલાઈન કરી દીધા છે. બિહારમાં એનડીએની સુનામીમાં વિપક્ષો અને તમામ રાજકીય અટકળોનો રકાસ નીકળી ગયો છે. અહીંયા ફરી એક વખત એનડીએ દ્વારા મહાગઠબંધનને ધોબી પછાડ આપવામાં આવી છે અને સાથે સાથે રેકોર્ડ તોડ વિજય મેળવવામાં આવ્યો છે. પરિણામે સિદ્ધ કરી દીધું છે કે, એનડીએ સુપર પાવર છે અને મહાગઠબંધન પાસે વિપક્ષ બનવાની પણ ક્ષમતા નથી. તેમાંય પ્રશાંત કિશોર કે જેને રાજકારણના મેજિકલ મેન ગણવામાં આવતા હતા તેનો જાદુ તો સાવ ધોવાઈ ગયો. આ પરિણામોએ ફરી એક વખત સાબિત કરી દીધું કે, નરેન્દ્ર મોદી જ બિહારમાં મોટું ફેક્ટર રહ્યા છે અને તેમનો જાદુ યથાવત્ છે. તેઓ જનતાની રગેરગથી માહિતીગાર છે. જાણકારોના મતે આ વખતે નીતિશ કુમાર અને એનડીએ દ્વારા માય ફેક્ટર લાગુ કરવામાં આવ્યું હતું. એનડીએ દ્વારા શરૂ કરાયેલું આ 'MY' ફેક્ટર ખૂબ જ અસરકારક રહ્યું છે. તેણે એનડીએના વોટ શેર અને મતને એવો બુસ્ટર ડોઝ આપ્યો કે વિપક્ષોના ડાંડિયા ડૂલ થઈ ગયા છે. એનડીએનું આ 'MY' ફેક્ટર એટલે કે મહિલા અને યુવા ફેક્ટર હતું. તેની સામે મહાગઠબંધન દ્વારા પણ 'MY' ફેક્ટર લાગુ કરવામાં આવ્યું હતું. તેમાં મુસ્લિમ અને યાદવ ફેક્ટરને અમલી કરાયા હતા અને તે દિશામાં જ આચાર-વિચાર અને પ્રચાર કરવામાં આવ્યા હતા. તેના કારણે જ નીતિશ કુમારનું અને એનડીએનું જે 'MY' ફેક્ટર હતું તે વધારે અસરકારક સાબિત થયું હતું. દાયકાઓથી લાલુ અને તેજસ્વી જે ફેક્ટર ઉપર કામ કરતા હતા તેને જ નવા કલેવરમાં રજૂ કરીને એનડીએ દ્વારા મહાગઠબંધનના સુપડા સાફ કરી દેવાયા હતા. સ્થિતિ એવી થઈ ગઈ છે કે, એનડીએના 'MY' ફેક્ટરથી લોકો વધારે આકર્ષાયા હતા અને મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં પણ એનડીએને ખોબલે ખોબલે મત મળ્યા છે. તેનો સીધો અર્થ છે કે, મહિલાઓ અને યુવાનોને આકર્ષવામાં એનડીએ સફળ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, દાયકાઓથી આરજેડી દ્વારા 'MY' ફેક્ટર જ ચલાવવામાં આવતું હતું. આરજેડી દ્વારા અત્યાર સુધી મુસ્લિમ અને યાદવના નામે જ રાજકારણ કરવામાં આવ્યું હતું. વર્તમાન વિધાનસભા ચૂંટણીમાં પણ આરજેડીની ફોર્મ્યુલાના આધારે મહાગઠબંધન દ્વારા આ જ 'MY' ફેક્ટર લાગુ કરીને વોટ અંકે કરવાનો એજન્ડા બનાવવામાં આવ્યો હતો. નીતિશ કુમાર આ 'MY' ફેક્ટર પોતાની તરફ બદલી કાઢયું હતું. તેમણે રણનીતિ બનાવીને મહિલા અને યુવા ફેક્ટર બનાવી દીધું. તેમણે સચોટ રીતે અને પ્રજાના મૂળમાં ઉતરીને આ ફેક્ટર બદલી કાઢયું હતું. મહિલાઓ માટે મુખ્યમંત્રી સ્વરોજગાર યોજના, શરાબબંદી, સુરક્ષા યોજના તથા છોકરીઓના શિક્ષણ ઉપર ફોકસ કરવાની વાત કરીને મહિલાઓના ઢલગો મત અંકે કરી લીધા હતા. બીજી તરફ યુવાનોને પણ કૌશલ્ય વિકાસ, નોકરી તથા જંગલરાજની યાદ દેવડાવીને વિકાસ અને રોજગાર તરફ ખેંચી જવાનું કામ પણ કર્યું હતું. તેના કારણે જ આ 'MY' ફેક્ટર એનડીએના લાભ કરાવી ગયું હતું. સૌથી આશ્ચર્યજનક બાબત એવી છે કે, વિપક્ષી ગઠબંધન દ્વારા ચલાવાયેલું આ 'MY' ફેક્ટર મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં પણ અસરકારક રહ્યું નહોતું. અહીંયા પણ એનડીએ અને નીતિશનું જ ફેક્ટર કામ કરી ગયું.

# જીતની આદત જ્યારે જનૂન બને ત્યારે ક્યારેક એ અનીતિનું આચરણ કરાવે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર પ્રણામ. હમણાં 'ઈન્ડિયાસ ગોટ ટેલેન્ટ' નામનો શો જોતી હતી તો ગિનિસ બુક ઓફ રેકોર્ડ તોડવા માટે લોકો કેવા કેવા સાહસ કરે છે એ જોયું! આવું કંઈક જોઉં ત્યારે ઘણીવાર વિચાર આવે કે ખુશ થવું કે દુ:ખી! કારણકે માનવીય વૃત્તિ જીત માટે કેવું કેવું કરે છે! જીત જ્યારે જુનૂન બંને ત્યારે એ વિકૃતિ પણ બની શકે! અને કોઈ બે વ્યક્તિ કે બે ટીમ કે બે સમુદાય વચ્ચે જ્યારે જીતની હોડ લાગે ત્યારે એકની જીત અને બીજાની હાર એ નિશ્ચિત છે, અને હારનાર નાં મનમાં સામેવાળા માટે વેર ઈર્ષા દ્વેષ જેવા ભાવ જન્મે અને આવાં ભાવ જ માનવીને રાક્ષસ બનાવે છે, આજે સોમવાર અને એટલે ચરિત્રની ઓળખ! તો આજે આપણે રાક્ષસોમાં શક્તિશાળી એવાં ઈન્દ્રજીત વિશે ચિંતનમાં વાત કરીશું.

ઈન્દ્રજીત મેઘનાદનાં નામે પણ ઓળખાતો હતો, રાવણ અને મંદોદરીના પુત્ર તરીકે તેની ઓળખાણ આપવામાં આવે છે. એટલે બહુ સ્વાભાવિક રીતે જ રાવણની જેમ શક્તિશાળી હોય, તેમજ મંદોદરીની જેમ સુંદર હોય. તેની પત્નીનું નામ સુલોચના હતું. સ્વર્ગમાં જઈ ઈન્દ્રની સાથે યુદ્ધ કર્યું હતું, ઈન્દ્રને હરાવ્યો હતો, અને ઈન્દ્રને મારતો મારતો લંકા સુધી લઈ આવ્યો હતો, માટે તેનું નામ ઈન્દ્રજીત પડ્યું. બ્રહ્માજીનાં કહેવાથી તેણે ઈન્દ્રને મુક્ત કર્યો હતો, અને બ્રહ્માજી પાસેથી પોતાના જીવન માટે અમુક વરદાન પ્રાપ્ત કર્યા હતા. રામાયણમાં વિભિષણ અને કુંભકર્ણે રાવણને રામ સાથે યુદ્ધ ન કરવું જોઈએ એવી સલાહ આપી હતી, પણ ઈન્દ્રજીતના મોઢે એકપણ વખત એવું સૂચના થયું નથી! કારણકે એને જીતવાનું જનૂન હતું! અને એટલે જ એ નીતિ અનીતિ એવું જોઈ શક્યો નહીં.

રામ રાવણનું યુદ્ધ સમાપ્ત થયું, અને પ્રભુ સીતા સહિત અયોધ્યા પહોંચ્યાં. એકવાર અગસ્ત્ય મુની અયોધ્યા આવ્યાં, અને શ્રીરામ તેમને પ્રણામ કરી અને યુદ્ધની ગાથા કહેવા લાગ્યા. તેમણે પોતાની શૂરવીરતાની વાત કરી, અને કહ્યું કે આપ સૌના આશીર્વાદથી હું રાવણ સામે વિજય થયો, અને આપ સૌની કૃપાથી જ મેં રાવણ અને કુંભકર્ણ જેવાં યોદ્ધાનો વધ કર્યા. અગસ્ત્ય મુનિએ કહ્યું કે સૂર્યવંશી રાજારામ આપની પ્રસિદ્ધિનો મહિમા પૃથ્વી લોક ગાઈ રહ્યું છે, અને આપ શક્તિ શાળી છો. રાવણ અને કુંભકર્ણ પણ શક્તિશાળી હતાં, પરંતુ રાવણની સેનામા તેના પુત્ર ઈન્દ્રજીત રાવણ અને કુંભકર્ણ બંને કરતાં વધુ શક્તિશાળી હતો. તેનો વધ લક્ષ્મણ સિવાય કોઈ કરી શકે તેમ નહોતું! પ્રભુ શ્રીરામ કુતુહલવશ પ્રશ્ન કરે છે કે એવું શું કામ? અગસ્ત્ય મુનિ કહે છે, કે એ વાતનો જવાબ સ્વયં લક્ષ્મણ જ આપશે. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું કે ઈન્દ્રજીતનો વધ જે 14 વર્ષ સુધી સૂતો ન હોય! 14 વર્ષ સુધી જેણે સ્ત્રીનું મોઢું ન જોયું હોય! અને 14 વર્ષ સુધી જેણે ભોજન ગ્રહણ ન કર્યું હોય! એવી વ્યક્તિનાં હાથે જ સંભવ હતું. પ્રભુ શ્રીરામે કહ્યું કે તો તારામાં આ ત્રણ લાક્ષણિકતાઓ ક્યાં હતી? સીતા તો આપણી સાથે જ હતી, અને શું તું ચૌદ વર્ષ સુધી સૂતો જ નથી? કે તે 14 વર્ષ સુધી કંઈ ખાધું પણ નથી? હું તો રોજ ફળના ભાગ પાડીને કહેતો હતો, લક્ષ્મણ આ તું રાખી લે! લક્ષ્મણજીએ કહ્યું કે વન અરણ્યમાં હિંસક પશુઓથી આપનું તથા માતા સીતાનું રક્ષણ કરવા માટે મારું જાગવું બહુ જરૂરી હતું, આથી પ્રથમ રાત્રિએ જ મે નિંદ્રા દેવીને પ્રાર્થના કરી કે 14 વર્ષ સુધી તું મારી આસપાસ આવતી નહીં, અને તેણે મને રામકાર્ય કરવામા સહયોગ આપવા વરદાન આપ્યું, અને મારી બદલે મારા ભાગની નિંદ્રા ઉર્મિલાને આપી દીધી, એ રીતે હું 14 વર્ષ જાગી શક્યો. ભાભી મા સમાન હોય છે, અને માતાના ચરણમાં જ સંતાનનું સુખ સમાયેલું હોય છે, આથી મેં ભાભી માનું મુખ ક્યારેય જોયું નથી, એટલે ઋષ્યમુક પર્વત પર જ્યારે માતાનાં આભૂષણોની વાત થઈ, ત્યારે મેં કહ્યું હતું કે, મેં તો ફક્ત તેના પગના પાયલ જ જોયા છે, એટલે 14 વર્ષ સુધી મેં કોઈ સ્ત્રીનું મુખ જોયું નથી. રહી વાત ભોજનની તો આપ રોજ એમ કહેતા હતા કે લક્ષ્મણ આ ફળ રાખી લે! આપે ક્યારેય તું ખાઈ લે એવી આજ્ઞા કરી નહોતી, અથવા તો લક્ષ્મણ તે ભોજન કર્યું? એવું પૂછ્યું પણ નહોતું, એટલે આપની આજ્ઞા વિના તે ફળ કઈ રીતે ગ્રહણ કરી શકું! અને 14 વર્ષ સુધી આ રીતે રહી શકું એ માટે મે આપને મનોમન પ્રાર્થના કરી હતી, અને હું રહી શક્યો. જ્યારે મારી જાણમાં આવ્યું કે ઈન્દ્રજીતનો વધ આવી વ્યક્તિ દ્વારા જ શક્ય છે, ત્યારે મને આપની એ લીલા સમજાઈ ગઈ. રામ અને લક્ષ્મણ બંને શક્તિશાળી હતાં, આ ઉપરાંત બંનેનો ભ્રાતૃપ્રેમ પણ ગજબનો હતો, બંને એકબીજાને મહાન કહેવાનું ક્યારેય ચૂકતા નહીં,અને એટલે જ આજે પણ આપણે રામ લક્ષ્મણની જોડી એમ કહી તેમને યાદ કરીએ છીએ.




સમર્થનાં ચરણે રહેવા માટે પણ અમુક પ્રકારની તપશ્ચર્યા કરવી પડે છે, તે લક્ષ્મણના ચરિત્ર પરથી સિદ્ધ થાય છે. પરંતુ ઈન્દ્રજીતની પણ કેટલી સિદ્ધિ પ્રસિદ્ધ રહી હશે,કે બ્રહ્માજીને તેને આવું વરદાન આપવું પડ્યું. તેની વાત કરીએ તો ઈન્દ્ર પર વિજય પ્રાપ્ત કરી, ઈન્દ્રજીત નામની ઉપલબ્ધિ મેળવી, પરંતુ રાવણ અનીતિ આચરે છે,એ જાણવા છતાં,તે પિતૃપ્રેમી કે પિતૃ ભક્ત રહ્યોને રામયણની અમર ગાથામાં આ રીતે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. રામાયણના પાત્ર વિશે આપણે વાત કરી રહ્યા છીએ, અને રામાનંદ સાગરની રામાયણ સીરીયલનાં ઈન્દ્રજીતનું પાત્ર ભજવનાર વિજય અરોરાનું 'પિતાશ્રી' એવું સંબોધન સૌ કોઈને યાદ હશે! અભિનય કરવામાં પણ જેને જહેમત ઉઠાવવી પડે, એવી પાત્રતા હતી ઈન્દ્રજીતની, છતાં તે અનીતિનાં પક્ષે રહ્યો, એને કારણે તેનો વધ શક્ય બન્યો.આમ જુવો ઈન્દ્રજીત પિતૃભક્તની બદલે, માતૃભક્ત હોત તો તેણે રાવણને સમજાવવાની ચેષ્ટા કરી હોત, કારણ કે રાવણની સીતાને પટરાણી બનાવવાની મહેચ્છા હતી, અને એટલે જ તેણે તેનું અપહરણ કર્યું હતું. સીતા પોતાની માતાનું સ્થાન લેવાની છે, એ જાણવા છતાં ઈન્દ્રજીત માતૃભક્ત થઈ શક્યો નહીં! એ આશ્ચર્ય ઉપજાવે છે. ભલે એ યુગમાં એક કરતાં વધુ પત્નીની પ્રણાલી હતી, પરંતુ કોઈ પણ પુત્રને પોતાની માતાનું સ્થાન કોઈ અન્ય સ્ત્રી ગ્રહણ કરે તે વાત કઠે તો ખરી જ! ઈન્દ્રને જીતી શકવા જેટલી ક્ષમતા ધરાવતો હતો, પરંતુ કંઈક ખૂટતું તો હતું જ, જેને કારણે તે આ રીતે મરાયો!! નહીં તો પિતાની વાત માનવી કે અનુસરવી એ પુત્રનો પ્રથમ ધર્મ છે,પણ પુત્રનો માતા પ્રત્યે પણ કોઈ ધર્મ હોય છે, અને એ તે નિભાવી શક્યો નહીં, માટે તેનું પતન થયું. પણ આપણે એ પાત્ર પરથી શીખ લેવાની છે કે અતિ શક્તિશાળીનો વધ કરવા માટે જાગૃતિ જરૂરી છે, અને સંયમ નિયમથી પોતાની શક્તિ વધારે આવાં મહાન શક્તિશાળીને મ્હાત કરી શકે. સાંપ્રત સમયમાં ધર્મ અને અધર્મને લઈને કેટલીય વાતો સાંભળવા મળે છે. પરંતુ આપણે જાગૃત રહીને એનું મૂલ્યાંકન કરવું બહુ જરૂરી છે, અને ધર્મના મૂળ ભાવ માટે આજનાં સમયમાં વાણીથી વિચાર સુધીની, સંયમ નિયમ અને ક્ષણેક્ષણની જાગૃતિ એ બહુ આવશ્યક છે. આપણે સૌ ધર્મનું સાચું મૂલ્યાંકન કરી જાગૃત રહી શકીએ, સંયમ નિયમ નિભાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

## તુર્કી બની રહ્યો છે પાક. પ્રેરિત આતંકવાદનો નવો અડ્ડો

■ દિલ્હી બ્લાસ્ટમાં સંડોવાયેલા ડોક્ટરો જૈશના હેન્ડલરને મળવા તુર્કી ગયાનો ખુલાસો, જૈશને તુર્કીમાં પગપેસારો વધ્યો છે

લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ કેસની તપાસમાં હવે સંભવિત તુર્કી કનેક્શન સામે આવ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બ્લાસ્ટની તપાસમાં પકડાયેલા ડોક્ટર મોડ્યુલના બે સભ્યો ડૉ. ઉમર અને ડૉ. મુજમ્મિલના પાસપોર્ટથી આ કેસમાં વધુ એક વળાંક આવ્યો છે. તપાસ એજન્સીઓએ જણાવ્યું કે, તેઓ ટેલિગ્રામ ઉપર એક કોમ્યુનિટી ગ્રૂપમાં જોડાયા હતા. તેમાં જોડાયાના થોડા સમયમાં જ તેઓ તુર્કીના પ્રવાસે ગયા હતા. એજન્સીઓને શંકા છે કે, તેઓ તુર્કીના પ્રવાસે આતંકવાદી નેટવર્ક સાથે જોડાણ માટે જ ગયા હતા. તેઓ આ રીતે જૈશના નેટવર્કમાં એક્ટિવ થયા હતા. બીજી ચર્ચા એવી પણ છે કે, તુર્કીથી પાછા આવ્યા બાદ બંને ડોક્ટરોએ દેશના વિવિધ ભાગમાં પોતાના નેટવર્ક વિકસાવીને એક્ટિવ થવાની તૈયારીઓ કરી હતી. તપાસ એજન્સીઓ માને છે કે, જૈશના હેન્ડલર દ્વારા તુર્કી ખાતેની મિટિંગમાં આ લોકોને વિવિધ આદેશ આપવામાં આવ્યા હોવા જોઈએ. જૈશના હેન્ડલરે જ તેમને દેશમાં વિવિધ સ્થળે ફેલાવાનો આદેશ આપ્યો હશે. તેના પગલે જ તેઓ એક જગ્યાએથી ઓપરેટ કરવાના બદલે વિવિધ શહેરોમાં નેટવર્ક ફેલાવીને હુમલો કરવાની ફિરાકમાં ફરતા હતા.

ઉલ્લેખનીય છે કે, હાલમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ ટીમ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ દ્વારા બ્લાસટની પહેલાં અને પછીના કેટલાક સમય માટેના સ્લોટની સાઈબર તપાસ કરવામાં આવી રહી છે. આ દરમિયાન લાલ કિલ્લા પાસે જેટલા નેટવર્ક છે અને તેની સાથે જોડાયેલો ડેટા ડંપ મેળવીને તેની તપાસ કરાઈ રહી છે.

જાણકારોના મતે બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યાની વચ્ચે ઉમર લાલ કિલ્લાની આસપાસ જ હતો. તે પોતાની કારની બહાર નીકળ્યો હતો. તે સમયે તેણે કોને ફોન કર્યા હતા, કોની સાથે ચેટ કરતો હતો. તેની સાથે ભૂતકાળમાં વાત કરી છે કે નહીં, તેના ચેટ રેકોર્ડ કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. એજન્સીઓએ જણાવ્યું કે, તેઓ તમામ ડિજિટલ કોમ્યુનિકેશનની દરેકે દરેક વિગત અને બાબતો તપાસી રહ્યા છે. તેઓ આ કેસમાં જૈશના હેન્ડલર સુધી પહોંચવા માગે છે. તેમનું માનવું છે કે, તુર્કી હવે આતંકીઓનો નવો અડ્ડો બની રહ્યું છે. વાત એવી છે કે, દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે ૧૦ નવેમ્બરે એક આઈ-૨૦ કારમાં બ્લાસ્ટ થયો અને તેમાં એક ડઝન લોકો માર્યા ગયા અને ઘણા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ વિસ્ફોટ કેસની તપાસમાં નવી અને મહત્ત્વની જાણકારી સામે આવી છે. સૂત્રોના મતે ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરમાં બહાવલપુર મુખ્યાલયને થયેલા નુકસાનનો બદલો લેવા માટે જૈશ-એ-મોહમ્મદ દ્વારા આ આતંકી હુમલો કરાવાયો છે. તેની તપાસમાં એવો પણ એંગલ આવે છે કે, આ કેસમાં સંકળાયેલા આતંકીઓ જૈશના હેન્ડલર સાથે સંપર્કમાં હતા. તેઓ જૈશના હેન્ડલર સાથે તુર્કીમાં મિટિંગ કરી આવ્યા હતા. કહેવાય છે કે, ઉમર જ ગાડી ચલાવતો હતો. બીજી તરફ ડોક્ટર મુજમ્મિલ શકીલ ગનીની ધરપકડ કરાઈ છે. આ બંને સોશિયલ મીડિયાના માધ્યમથી તુર્કીના હેન્ડલરને સંપર્ક કરીને આદેશ લેતા હતા. મહત્ત્વનું એ છે કે, દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ પહેલાં જ ઉત્તર પ્રદેશ એટીએસ દ્વારા ઈસ્તાંબુલ ઈન્ટરનેશનલના -સહસંસ્થાપક ફરહાન નબી સિદ્દીકીની ધરપકડ કરવામાં આવી હતી.

# ધર્મ-કર્મની મર્યાદામાં રહે તો એને સુખ છે. બાકી મર્યાદા વગર નો ભોગ મનુષ્યને રોગી બનાવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો ગૃહસ્થે હંમેશા એ ભાવના કરવી કે હું પરમાત્માનો દાસ છું. પરમાત્મા મને અપનાવી બ્રહ્મરૂપ બનાવે ત્યારે ખરું.આવા દાસ્ય ભાવથી જીવન સુધરે છે.મૃત્યુ સુધરે છે. જીવન સુધારવાની પહેલી જરૂર છે. કમાયેલું દ્રવ્ય પ્રભુનું છે,ને પ્રભુને અર્પિત છે એવી ભાવના કરવાથી જીવ મિલન ભાવથી ને વાસનાથી મુક્ત બને છે.ભાગવત માં વાત્સલ્ય ભાવ,મધુર ભાવ વગેરેનું વર્ણન છે પણ એ બધા ભાવો દાસ્યભાવ યુક્ત છે.દાસ્ય વગર ઈશ્વરનું શરણ સ્વીકારાતું નથી.ભક્તિમાં અને સેવામાં પ્રેમ મુખ્યછે.માટે એકાંતમાં બેસી હરિ કીર્તન કરો.કીર્તનથી મન શુદ્ધ બને છે ને ભાવના દૃઢ બને છે. જે ભગવાને અજામિલ જેવાનો ઉદ્ધાર કર્યો તે મારો પણ ઉદ્ધાર કરશે જ એવી દૃઢ શ્રદ્ધા રાખો. વૈષ્ણવના દિલમાં આ શ્રદ્ધા અવિચળ હોય છે તે ભક્ત પ્રહલાદના દૃષ્ટાંત પરથી સમજાય છે. જીવને મરણનો મોટો ભય છે. કઈ પળે મરણનો હુમલો થશે તેની ખબર નથી, તેથી પળે પળે તેની સાથે જ તૈયારીમાં તેણે રહેવું જોઈએ.તે માટે તેણે તનમન કાબૂમાં રાખવાં જોઈએ અને સતત પરમાત્માના ચિંતન દ્વારા તેને શુદ્ધ કરવાં જોઈએ.પરમાત્માના શરણ વિના પરમાત્માની કૃપા થતી નથી અને પરમાત્માની કૃપા વિના તનમનની શુદ્ધિ થતી નથી અને બુદ્ધિના તરંગો, સંકલ્પો-વિકલ્પો શાંત થતા નથી.એટલા માટે જીવે પ્રહલાદે કરેલી પ્રભુની પ્રાર્થનાનો સતત પાઠ કરતા રહેવાની જરૂર છે.પ્રહલાદને જે મળ્યું છે તે પોતાની પાસે ન રાખતાં બીજાને આપે છે.પોતે સુખ ભોગવીને બીજાને સુખ આપે તે સજ્જન, પણ પોતે દુ:ખ ભોગવી બીજાને સુખ આપે તે સંત.સંત બધા ન થઈ શકે પણ સજ્જન તો બધા થઈ શકે છે.અહીં સાતમો સ્કંધ સમાપ્ત કરી આઠમો સ્કંધ જોઈએ તો ભગવાન શ્રી વ્યાસ નારાયણે પહેલા સ્કંધમાં શિષ્યનો અધિકાર બતાવ્યો.અધિકાર સિદ્ધ થાય તો સંત મળે તેમ કહ્યું. વૈરાગ્યના ઉદયથી ગુરુ આપો આપ પધારે છે. સંત થાઓ તો સંત મળે. બીજા સ્કંધમાં મનુષ્યનું કર્તવ્ય બતાવ્યું.પછી ત્રીજા તથા ચોથા સ્કંધમાં જ્ઞાનને જીવનમાં કેવી રીતે ઊતારવું, ક્રિયાત્મક કેવી રીતે બનાવવું તે બતાવ્યું. પાંચમા સ્કંધમાં જ્ઞાની પરમહંસો અને ભાગવત પરમ હંસોના લક્ષણ બતાવ્યાં. છઠ્ઠા સ્કંધમાં પ્રભુની કૃપા કેવી રીતે થાય તે બતાવ્યું. પ્રભુના સ્વરૂપમાં જીવ સ્થિર થાય તો પ્રભુ તેના પર કૃપા કરે, અનુ ગ્રહ કરે. તે પછી સાતમા સ્કંધમાં સદવાસના, અસદવાસના અને મિશ્રવાસનાની વાત સમજાવી. મને જે સુખ મળ્યું તે બીજાને આપું એ પ્રહલાદની ભાવના તે સદવાસના.પોતે સુખ ભોગવી બીજાને સુખ આપે તે સજ્જન અને પોતે દુ:ખ ભોગવી બીજાને સુખ આપે તે સંત,તે ભક્ત.

વ્યવહારમાં તો તમે બરાબર સમજો છો કે,સરકારની તિજોરી માં ધન હોય તેથી શું? આપણા હાથમાં હોય તે સાચું.તેમ ધર્મમાં પણ સમજો.કેવળકથાસાંભળવા થી કાંઈ લાભ નથી.કથા સાંભળી મનન કરી જીવનમાં ઉતારો તો લાભ છે. ભગવાને માણસને સુખી થવા જન્મ આપ્યો છે,ને સુખની સામગ્રી પણ તૈયારી રાખી છે.માત્ર પ્રયત્ન કરવો એને સોંપ્યો છે.ધર્મ- કર્મની મર્યાદામાં રહે તો એને સુખ છે. બાકી મર્યાદા વગર નો ભોગ મનુષ્યને રોગી બનાવે છે.ઈન્દ્રિયો ને રાજી રાખવા માટે નહીં પણ સાજી રાખવા માટે ભોગ છે.

સુખ-સંપત્તિ મળે એટલે માણસ માને છે કે,હું લાયક એટલે મને મળ્યું છે એ ભૂલ છે.મને જે મળ્યું છે તે કેવળ મારા જ માટે છે એમ માની ચાલવુંએ અસદભાવના છે. મને જે પરમાત્માએ આપ્યું છે તે સર્વના માટે છે એમ માનો એ સદભાવના છે. પ્રહલાદની ગણના સદવાસનાને કારણે દેવોમાં થઈ. હિરણ્યકશિપુની ગણના અસદવા સનાને કારણે રાક્ષસમાં થઈ. હિરણ્યકશિપુ એ ભોગવૃત્તિ છે, લોભ છે, અહંકાર છે. દેવ થવું કે દૈત્ય થવું તે તમારા હાથમાં છે. દુનિયાના બધા માણસો પુણ્યના ફળ ઈચ્છે છે,પણ જાતે પુણ્ય કરતા નથી. એટલે કે સુખી થવું છે,પણ સુખની શરત પાળવીનથી તમારા કર્મનાં ફળ તમારે ભોગવવાનાં છે. એમાં દોષ કોને દેવાનો?દાંત તળે જીભ કચડાય તો કોને દંડ આપશો? તે તો સહન કરવાનું જ રહ્યું.દાઝો તમે,ને ફોલ્લો બીજાના હાથે થાય તેવું કદી બનવાનું નથી.

ભાગવતનું ફળ છે રાસલીલા, શ્રીકૃષ્ણનું મિલન.શ્રીકૃષ્ણમાં મળી ગયા પછી જીવ તેનાથી અલગ થઈ શકતો નથી.જે વાસનાનો વિનાશ કરે છે,તેને રાસમાં પ્રવેશ મળે છે.તે કૃપાને પામે છે.માટે વારંવાર મનથી એવો સંકલ્પ કરો કે,મારે પરમાત્માને મળવું છે.વ્યવહારમાં બે પ્રાણો ના મિલનથી આનંદ મળે છે.તો બધા પ્રાણો જે ઈશ્વરમાં સૂક્ષ્મ રીતે રહેલા છે તેને મળતાં કેટલો આનંદ થાય? મારે ઈશ્વરને મળવું છે તેવી વાસના કરો અને એમ તમારો વાસનાને અલૌકિક બનાવો. વારંવાર મનુષ્ય જે બોલે છે, જેવા વિચારો કરે છે તેવો તે થાય છે. માટે હંમેશ ઈશ્વરના જ વિચાર કરો. સતત ઈશ્વરનું ચિંતન કરવાથી વાસના માટે વખત જ રહેતો નથી,એટલે વાસના થાકીને પાછી પડે છે.એનું જોર તો અજમાવે જ છે,ને જીવને કાબૂમાં લેવા અનેક કોશિશોને ઢોંગ પણ કરે છે.પણ હરિસ્મરણ એવું સાધન છે, વાસનાને દૂર કરી દે છે. આ બધું ઈશ્વરનું છે, અને મારું એકલાનું નહીં પણ સર્વના માટે છે એવું સમજે તો વાસનાનો વિનાશ થાય છે.

સુખ-સંપત્તિ મળે એટલે માણસ માને છે કે,હું લાયક એટલે મને મળ્યું છે એ ભૂલ છે.મને જે મળ્યું છે તે કેવળ મારા જ માટે છે એમ માની ચાલવુંએ અસદભાવના છે. મને જે પરમાત્માએ આપ્યું છે તે સર્વના માટે છે એમ માનો એ સદભાવના છે. પ્રહલાદની ગણના સદવાસનાને કારણે દેવોમાં થઈ. હિરણ્યકશિપુની ગણના અસદવા સનાને કારણે રાક્ષસમાં થઈ. હિરણ્યકશિપુ એ ભોગવૃત્તિ છે, લોભ છે, અહંકાર છે. દેવ થવું કે દૈત્ય થવું તે તમારા હાથમાં છે. દુનિયાના બધા માણસો પુણ્યના ફળ ઈચ્છે છે,પણ જાતે પુણ્ય કરતા નથી. એટલે કે સુખી થવું છે,પણ સુખની શરત પાળવીનથી તમારા કર્મનાં ફળ તમારે ભોગવવાનાં છે. એમાં દોષ કોને દેવાનો?દાંત તળે જીભ કચડાય તો કોને દંડ આપશો? તે તો સહન કરવાનું જ રહ્યું.દાઝો તમે,ને ફોલ્લો બીજાના હાથે થાય તેવું કદી બનવાનું નથી. ભાગવતનું ફળ છે રાસલીલા, શ્રીકૃષ્ણનું મિલન.શ્રીકૃષ્ણમાં મળી ગયા પછી જીવ તેનાથી અલગ થઈ શકતો નથી.જે વાસનાનો વિનાશ કરે છે,તેને રાસમાં પ્રવેશ મળે છે.



# 'સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ' નિમિત્તે નિકોલમાં ભવ્ય 'યુનિટી માર્ચ' યોજાઈ

## કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને ભાજપા ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સરદારના વારસાને જીવંત રાખવા યુવાનોને કર્યું આહ્વાન








**ગાંધીનગર, તા.16**

મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ચાલી રહેલા 'સરદાર @ ૧૫૦' કાર્યક્રમોની શૃંખલામાં આજે નિકોલ વિધાનસભા મતવિસ્તારમાં ભવ્ય 'યુનિટી માર્ચ' (પદયાત્રા)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી શ્રીમતી દર્શના બહેન વાઘેલા અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, મહામાનવ સરદાર સાહેબની જન્મજયંતિ આજે વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં ઉજવાઈ રહી છે, ત્યારે નિકોલ વિધાનસભા મત વિસ્તારમાં આ યુનિટી માર્ચ એ સરદારને સાચી શ્રદ્ધાંજલિ છે.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે, 'મોદીજીએ વિવિધ ક્ષેત્રોમાં ભારતને વિકાસના વૈશ્વિક નકશા પર ચમકાવ્યું છે. સાથે જ, ગાંધી-સરદાર જેવા દેશના અનેક મહાનાયકોના વારસાને જીવંત રાખીને તેમણે 'વિકાસની સાથે વિરાસત'ને પણ સમાન મહત્વ આપ્યું છે.'

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તૃષ્ટિકરણ અને વોટબેંકની રાજનીતિને નકારીને, સરદારે ચીંધેલા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના રાહ પર મોદીજી દેશને દોરી રહ્યા છે.

મંત્રીશ્રીએ યુવા પેઢીને આહ્વાન કરતાં કહ્યું કે, 'હું આદર્શ નાગરિક બનીને રહું, શ્રેષ્ઠ ભારતીય બનીને રહું તેવી ભાવના સાથે સરદારનો વારસો કાયમ જીવંત રાખીને આચરણ કરવું એ આપણી સૌની ફરજ છે. આ માટે યુવા પેઢીએ લીડ લેવી જોઈએ, નવતર પ્રકલ્પ રચીને પ્રવૃત્તિઓ કરવી જોઈએ.'

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આઝાદી માટે અનેક ભારતીયોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાનાયકોએ રાષ્ટ્રીય ચળવળોને નેતૃત્વ આપીને દેશને આઝાદીનો રાહ ચિંધ્યો હતો. સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહ મંત્રી અને નાયબ વડાપ્રધાન તરીકે સરદારે આઝાદી પછી દેશ સામે આવેલા અનેક પડકારો પાર કરીને દેશને મુશ્કેલીમાંથી ઉગાર્યો હતો.

તેમણે ઉમેર્યું કે, 'આપણે દેશની આઝાદી માટે યોગદાન આપી શક્યા નહોતા, પરંતુ વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે આજે આપણે સક્ષમ છીએ અને ભારત માટે કર્તવ્યરત થવાનું છે.'

ભાજપ પ્રદેશ પ્રમુખશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના યોગદાનની વાત કરતા કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાવીને અને કેવડિયા નગર ખાતે એકતા દિવસની ઉજવણી કરાવીને સરદારને સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.

શ્રી જગદીશભાઈએ ભૂતકાળમાં સૌરાષ્ટ્રમાં પાણીની અછતનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'પહેલા સાબરમતીથી પાણીની ટ્રેનો ભરાતી અને સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડાતું. પરંતુ, મોદી સાહેબે સરદાર સરોવર નર્મદા ડેમનું કાર્ય પૂરું કરાવીને હજારો કિલોમીટર લાંબી નહેરોનું નિર્માણ કરાવીને ગુજરાતને પાણીદાર બનાવ્યું છે.'

કાર્યક્રમની શરૂઆતમાં મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈને સૌનું સ્વાગત પ્રવચન કરીને મહામાનવ સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ રાષ્ટ્રની પ્રગતિ માટે 'સ્વદેશી અપનાવવાની' શપથ પણ લીધી હતી.

આ યુનિટી માર્ચમાં સાંસદ શ્રી દિનેશ મકવાણા અને શહેરના વિવિધ મતવિસ્તારના ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેક્ટર શ્રી સુજિત કુમાર અને બહોળી સંખ્યામા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોમનવેલ્થ ગેમ્સ ગ્લાસગો 2026: કિંગ્સ બેટન રિલેનું અમદાવાદમાં ભવ્ય આગમન

- ત્રણ દિવસ સુધી અમદાવાદમાં કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવશે
- ગગન નારંગ, માના પટેલ સહિત જાણીતા એથ્લિટ્સે અમદાવાદમાં કિંગ્સ બેટન રિલેને આવકારી






**અમદાવાદ, તા.16**

વર્ષ ૨૦૨૬માં ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટનનું અમદાવાદમાં ભવ્ય આગમન થયું છે. કોમનવેલ્થના મૂલ્યો અને રાષ્ટ્રની ઓળખ ઉજાગર કરતી 'ધ કિંગ્સ બેટન રિલે – રોડ ટુ કોમનવેલ્થ ગેમ્સ, ગ્લાસગો ૨૦૨૬' ઈવેન્ટ કોમનવેલ્થની એકતા, માનવતા, સમાનતા અને નિયતિના સાચા ભાવને ઉજાગર કરે છે. આ બેટન આપણને યાદ અપાવે છે કે સાચી જીત ભાગીદારી, દયા અને આપણી વહેંચાયેલી માનવતાની એકતામાં રહેલી છે.

અમદાવાદમાં ૧૫મી થી ૧૭મી નવેમ્બર દરમિયાન ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમો થકી કોમનવેલ્થ ગેમ્સની કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી રહી છે. પ્રથમ દિવસે ગુજરાત યુનિવર્સિટીથી શરૂ કરીને IIT ગાંધીનગર, સંસ્કારધામ, એલ. જે યુનિવર્સિટી અને વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવી હતી.

કિંગ્સ બેટન રિલેને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં લંડન ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલિસ્ટ શ્રી ગગન નારંગ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટી ખાતે જાણીતા ઓલિમ્પિયન સ્વિમર માના પટેલ, IIT ગાંધીનગર ખાતે એથલેટિક્સના આંતરરાષ્ટ્રીય પ્લેયર શ્રી રુચિત મોરી, સંસ્કારધામ ખાતે જુડો સિનિયર નેશનલ ગોલ્ડ મેડલિસ્ટ શ્રી રોહિત મજગુલ, એલ. જે યુનિવર્સિટી ખાતે સ્વિમર શ્રી દેવાંશ પરમાર, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઈન્ડિયન અંડર ૧૭ ફૂટબોલ ટીમના ખેલાડીઓ કિંગ્સ બેટન રિલેને આવકારવા યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

૧૬ નવેમ્બરના રોજ કર્ણાવતી ક્લબ, રાજપથ ક્લબ અને અટલ બ્રિજ થઈને કિંગ્સ બેટન ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ (સ્પોર્ટ્સ એરેના) ખાતે કિંગ્સ બેટન રિલેને આવકારવામાં આવશે.

અંતિમ દિવસે એટલે કે ૧૭મી નવેમ્બરે રિવરફ્રન્ટ ક્લીનિંગ ડ્રાઈવથી શરૂઆત કરીને એપલ ગ્લોબલ સ્કૂલ, દિલ્હી પબ્લિક સ્કૂલ, ઉદગમ સ્કૂલ, અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ અને અમદાવાદ યુનિવર્સિટી સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈને આ યાત્રાનો સમાપન ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ (સ્પોર્ટ્સ એરેના) ખાતે થશે. આ પ્રસંગે વિવિધ સ્થળોએ મહાનુભાવો કિંગ્સ બેટનને આવકારશે. 'ગો કોમનવેલ્થ! ગો યુનિટી! ગો ૨૦૨૬!' ના નારા સાથે ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, મહાનુભાવો સહિત નાગરિકો કિંગ્સ બેટન રિલેને અનેરા ઉત્સાહ સાથે આવકારવા આતુર છે.

**કિંગ્સ બેટન રિલે વિશે :** કિંગ્સ બેટન રિલેની શરૂઆત કોમનવેલ્થ ડે, 10 માર્ચ 2025ના રોજ બકિંગહામ પેલેસમાં થઈ હતી, જ્યાં હિઝ મેજેસ્ટી દ કિંગે કોમનવેલ્થ માટેનો ખાસ સંદેશ બેટનમાં સ્થાન આપ્યો હતો. આ 500 દિવસની સફર તમામ 74 કોમનવેલ્થ દેશો અને પ્રદેશોમાંથી પસાર થશે, જે ગ્લાસ્ગો 2026 કોમનવેલ્થ ગેમ્સની તૈયારી દરમિયાન સમગ્ર સમુદાયોને એકત્રિત કરશે. પ્રથમ વખત, દરેક દેશને તેની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતું એક અનોખું, કસ્ટમાઈઝ્ડ બેટન આપવામાં આવશે. તમામ બેટનો ગ્લાસ્ગોની ઓપનિંગ સેરેમનીમાં ફરી એકવાર એકત્રિત થશે, જ્યાં હિઝ મેજેસ્ટીનો સંદેશ વાચવામાં આવશે અને ગેમ્સની સત્તાવાર શરૂઆત થશે. આ આવૃત્તિ સાથે કોમનવેલ્થ ક્લીન ઓશન્સ પ્લાસ્ટિક્સ કેમ્પેઈનનો પ્રારંભ પણ કરવામાં આવ્યો છે, જે રોયલ કોમનવેલ્થ સોસાયટી સાથેના સહયોગથી યોજાયો છે. આ પહેલ દ્વારા ખેલાડીઓ અને નાગરિકો મળી એક મિલિયન પ્લાસ્ટિકના ટુકડા કોમનવેલ્થના જળપ્રદેશોમાં પ્રવેશતા અટકાવવાનો સંકલ્પ ધરાવે છે. બેટનની સફર સાથે વિવિધ સ્થળોએ સફાઈ અભિયાન પણ યોજાશે.

# ઝાલોદ સબજેલમાં ગાયત્રી પરિવાર દ્વારા વ્યસન મુક્તિ અને સત્સંગ કાર્યક્રમ

## કેદીઓને જીવનમૂલ્યો, સંકલ્પો અને વ્યક્તિ વિકાસ અંગે માર્ગદર્શન





**ઝાલોદ, તા.16**

આજ રોજ ઝાલોદ સબજેલ ખાતે કાચા તથા પાક્કા કામના બંદીવાનો વચ્ચે ગાયત્રી પરિવાર ઝાલોદ દ્વારા વ્યસન મુક્તિ અને સત્સંગનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન બંદીવાન ભાઈઓને વ્યસનોથી દૂર રહેવા અને વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. 'વ્યક્તિ નિર્માણથી પરિવાર નિર્માણ - હમ સુધરેગા, યુગ સુધરેગા' ના સંકલ્પ સાથે જીવન ઉપયોગી સાહિત્ય, મંત્ર લેખન બુક તથા વ્યસન મુક્તિની પુસ્તિકાઓ વિતરણ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં લગભગ ૩૦ જેટલા બંદીવાન ભાઈઓ, સબજેલ ઝાલોદના જેલર શ્રી સંજયકુમાર પટેલ તથા સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા. ગાયત્રી પરિવાર ઝાલોદ અને પંચમહાલ ઉપજોન યુવા સંયોજક શ્રી ગોપીચંદ ભુરીયાએ વ્યસન, સંસ્કાર અને સારા નાગરિક જીવન વિશે માર્ગદર્શન આપ્યું.

જેલર શ્રી સંજયકુમાર પટેલે પણ કેદી ભાઈઓને વ્યક્તિ વિકાસ અને જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન આપી પ્રેરણાદાયી સંદેશો પાઠવ્યા. અંતમાં ગાયત્રી પરિવાર દ્વારા શાંતિપાઠ અને કેળા પ્રસાદ સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

ઝાલોદ સબજેલમાં આ પ્રકારના કાર્યક્રમો કેદીઓને સુધાર અને સકારાત્મક જીવન તરફ દોરી જવાના પ્રયત્નોને વધુ મજબૂત બનાવે છે.

# સોશિયલ મીડિયાના યુગમાં અટેન્શન મેનેજમેન્ટ સૌથી મજબૂત હોવું જોઈએ

'સૌથી મહત્ત્વનાં કામ સૌથી પહેલાં કરી નાખવા જરૂરી નથી. તમે ખુદ નક્કી કરો કે દિવસના કયા ભાગમાં તમારું દિમાગ સૌથી વધારે દોડે છે? દિવસમાં ક્યારે તમે સૌથી વધારે શાર્પ, એલર્ટ અને ક્રિયેટિવ હો છે? લંચટાઈમ પહેલાં? બપોરની ચા પીધા પછી? કે પછી રાત્રે?'

'ધ બેસ્ટ પ્લેસ ટુ વર્ક: ધ આર્ટ એન્ડ સાયન્સ ઓફ ક્રિયેટિંગ અન એક્સ્ટ્રાઓડનરી વર્કપ્લેસ'. આ છે, રોન ફ્રિડમેન નામના એક અવોર્ડવિનિંગ અમેરિકન સાઈકોલોજિસ્ટે લખેલા બેસ્ટસેલર પુસ્તકનું શીર્ષક. એમણે મોટી મોટી કંપનીઓ ચલાવતા દુનિયાભરના સફળ પ્રોફેશનલ્સનો સર્વો કર્યો, તેમાંના કેટલાય સાથે વાતચીત કરી અને શી રીતે ઉત્તમ પર્ફોર્મર બની શકાય તેમજ વ્યાવસાયિક જીવન અને અંગત જીવન વચ્ચે સંતુલન સાધી શકાય તે વિશેની ટિપ્સ મેળવી. ટિપ્સ સાદી છે, પણ મજાની છે. સાંભળો:

આ વાત આમ તો અનેક વાર કહેવાઈ ગયેલી છે, પણ તોય દોહરાવવા જેવી છે, કેમ કે તે ખૂબ મહત્ત્વની છે. કામ કરવા બેસો ત્યારે તમારા મોબાઈલનું ઈન્ટરનેટ કનેક્શન ઓફ કરીને ફોન દૂર મૂકી દેવો. તમારો હાથ કે નજર ન પહોંચે એટલો દૂર. જો અર્જન્ટ કોલ આવવાનો ન હોય તો ફોન મ્યુટ કરી નાખવો. આવું જ કમ્પ્યુટરનું. કામ કરતી વખતે વાઈ-ફાઈ બંધ કરી કમ્પ્યુટરને ઈન્ટરનેટથી મુકત કરી દેવાનું કે જેથી વારે ઘડીએ સોશિયલ મીડિયા પર આંટો મારવાનું કે ઈમેઈલ ચેક કરવાનું મન ન થાય. મુખ્ય મુદ્દો આ છે- આપણું અટેન્શન મેનેજમેન્ટ મજબૂત હોવું જોઈએ.

વર્ષમાં બે વખત હવે પછીના છ મહિનામાં શું શું કરવાનું છે, કયાં કામ પતાવવાનાં છે, કયાં કયાં ટાર્ગેટ અચીવ કરવાનાં છે તે વિશે બબ્બે ફકરા લખો. આ લખતી વખતે આપોઆપ માનસિક સ્પષ્ટતા થતી જશે કે ધારેલા પ્રોજેક્ટ્સ પૂરાં કરવામાં કયા સંભવિત અવરોધો આવી શકે તેમ છે અને તે અવરોધોને ઓળંગવા માટે કેવી આગોતરી તૈયારી કરવી પડશે. આપણે સામાન્યપણે કામ પૂરું કર્યા પછી કે પરિણામ આવ્યા પછી પોસ્ટમોર્ટમ કરતા હોઈએ છીએ. અહીં પ્રી-મોર્ટમ કરવાની વાત છે.

કઠિન કામ હાથમાં લીધું હોય અને અધવચ્ચે અટકી પડીએ અને આગળ વધવા માટે મથવું પડે ત્યારે આપણે ફ્રેસ્ટ્રેટ થઈ જઈએ. બીજી વાર આવું કામ કરવાનું આવે ત્યારે આપણે ડરીને શરૂ જ કરતાં નથી, કામ સતત પાછળ ઠેલતા જઈએ છીએ અને સરવાળે હેરાન થઈએ છીએ. કામ પાછળ ઠેલ્યા કરવાની વૃત્તિ પર અંકુશ મેળવવા માટે નક્કી કરો કે આ કામ પાછળ હું એક બેઠકમાં આટલો જ સમય ફાળવીશ. આ સમયગાળો વીસ મિનિટ, અડધી કલાક, પોણી કલાક કંઈ પણ હોઈ શકે. જેવી આ સમયમર્યાદા પૂરી થાય કે તરત ઊભા થઈ જવાનું. બ્રેક લઈ લેવાનો. કઠણાઈ આવે ને આગળ વધી નહીં જ શકાય એવું લાગે ત્યારે જ ઊભા થવાનું, એમ નહીં. નકકી કરેલા સમયે વિરામ લેવાથી શું થશે કે તમે જ્યારે કામ આગળ વધારવા બીજી વાર બેસશો ત્યારે આગળનો રસ્તો સ્પષ્ટ દેખાતો હોવાથી ઉત્સાહનો અનુભવ થશે અને તમે ફટાફટ આગળ વધી શકશો.

દિવસભર ઉત્સાહ અને એનર્જી ટકી રહે તે માટે કામની સાથે મોજ પડે તેવી કોઈ પ્રવૃત્તિને જોડી દો. જેમ કે, રોજ ઈમેઈલ વાંચવા અને જવાબ આપવા માટે ધારો કે તમે બપોરે ત્રણથી ચાર વાગ્યાનો સમય નક્કી કર્યો છે. તો તમારી બપોરની ચા કે કોફીને આ એક કલાક સાથે જોડી દો. મસ્સાલેદાર ચા પીતા પીતા ઈમેઈલનો ઢગલો સર્ફ કરવાની મજા આવશે. વધારે એકાગ્રતાની જરૂર ન હોય એવું હળવું કામ કરતી વખતે સાથે સાથે મ્યુઝિક સાંભળી શકાય.

મલ્ટિટાસ્કિંગ (એકસાથે બે કે તેનાથી વધારે કામ કરવા) વિશે મતમતાંતર છે. એક થિયરી કહે છે કે મલ્ટિટાસ્કિંગ ટાળવું જોઈએ. એકસાથે બે કામ કરશો તો એકેયમાં ભલી વાર નહીં હોય. બીજી થિયરી કહે છે કે સ્માર્ટલી મલ્ટિટાસ્કિંગ કરવામાં કશો વાંધો નથી. જેમ કે, તમને સવારે વોકિંગ કે જોગિંગની આદત હોય તો કાનમાં ઈયરપ્લગ ભરાવીને મ્યુઝિક સાંભળવાને બદલે આ અડધી-એક કલાકનો ઉપયોગ કામ સંબંધિત પ્લાનિંગ કરવામાં કે નવા આઈડિયાઝ વિચારવામાં કરી શકાય. જોગિંગ-વોકિંગ કરતી વખતે દિમાગની ઘણી નવી નવી બારીઓ ખૂલતી હોય તેવો અસંખ્ય લોકોનો અનુભવ છે. શારીરિક સાથે માનસિક પ્રવૃત્તિનું કોમ્બિનેશન કરી શકાય. હા, બે ફિઝિકલ કામ કે બે મેન્ટલ કામ એકસાથે કરવાનું ટાળવું.

કસરતને, ચાલવા-દોડવાની એકસરસાઈઝને તમારા રૂટિનનો હિસ્સો બનાવી દેવો ફરજિયાત છે. એક આખો કલાક ખાલી મળે તો જ ચાલવા કે જિમમાં જઈશ એવું ન વિચારો. અડધી કલાક માટે, અરે, પા કલાક માટે પણ જિમમાં જઈ શકાય છે, ચાલવા નીકળી શકાય છે.

રૂટિન બદલવાથી કયારેક વિચારવાની રીત કે પરિસ્થિતિને નિહાળવાની દષ્ટિ બદલાતી હોય છે. જેમ કે, તમે રોજ સવારે કોઈ ચોક્કસ પાર્કમાં ચાલવા જતા હો તો કયારેક બીજા કોઈ પાર્કમાં અથવા બીજા કોઈ રસ્તે ચાલવા જાઓ. ચાલતાં ચાલતાં એક જ પ્રકારનું સંગીત સાંભળવાને બદલે એમાંય પરિવર્તન કરો. એકધારા રુટિનથી ટેવાઈ રહેલા મનને આ રીતે ચેન્જ મળશે, એ વધારે સતર્ક અને સક્રિય બનશે.

આઠ કલાકની પાક્કી ઊંઘ લેવા માટે તમારે પથારીમાં કમસે કમ સાડાઆઠ કલાક વીતાવવા પડે. એકદમ કટ-ટુ-કટ સમયે પથારીમાં ન પડો. અડધી કલાક વહેલાં બેડરૂમમાં જતા રહો.

માત્ર 'કોન્ટેક્ટ' બનાવવાના સ્વાર્થ સાથે લોકોને ન મળો. જેમને પણ મળો તેમનામાં સાચુકલો, દિલથી રસ લો. એ વ્યક્તિને જાણો, સમજો. નેટવકગ કરવાની આ સાચી રીત છે. ઉપરછલ્લી રીતે નવા નવા લોકોને મળવાને બદલે જો આ વર્તુળ વધારશો તો નવી તકો આપોઆપ સામે આવતી જશે.

આપણા ખુદના વર્તન પર સતત નજર રાખવી. ખુદનું તટસ્થ રહીને મૂલ્યાંકન કરવું. તો જ બીજાઓના પ્રતિભાવ આપણે યોગ્ય રીતે સમજી શકીશું.

દર વખતે સાચા જ હોવાનો આગ્રહ ન રાખવો. આવા આગ્રહથી તમારી ટીમ પર લીડર તરીકેનો તમારો પ્રભાવ ઘટે છે. ભલે કયારેક ભૂલો પણ થતી. કશો વાંધો નથી. પોતાની ટીમની સામે ભૂલ ખેલદિલીપૂર્વક કબૂલ કરવાથી તમે એમની સામે વધારે માનવીય, જેન્યુઈન અને આદરણીય બનશો.

રોન ફ્રિડમેન પુસ્તકમાં લખે કહે છે કે અનેક સંશોધનો અને પ્રયોગો પરથી પૂરવાર થયું છે કે પ્રોડક્ટિવિટી અને બોડી ડિઝાઈન વચ્ચે સીધો સંબંધ છે. અમુક લોકોનું શારીરિક તંત્ર એવી રીતે ડિઝાઈન થયું હોય છે કે એ સવારના ભાગમાં સારામાં સારું કામ કરી શકે છે. અમુક લોકો સાંજે ખરેખરા ફોર્મમાં આવતા હોય છે. કોઈ વળી રાતના રાજા હોય છે. દિવસ ઊગે એટલે સૌથી અગત્યનાં કે સૌથી અઘરાં કામ સૌથી પહેલાં કરી નાખવાં એવો કોઈ નિયમ નથી. તમે નક્કી કરો કે દિવસના કયા હિસ્સામાં તમારું દિમાગ સૌથી વધારે દોડે છે? દિવસમાં કયારે તમે સૌથી વધારે શાર્પ, એલર્ટ અને ક્રિયેટિવ હો છે? લંચટાઈમ પહેલાં? બપોરની ચા પીધા પછી? રાત્રે? આ જવાબના આધારે કયું કામ કયારે કરવું તે નક્કી કરો.

સાચી વાત તો આ છે. આપણે કઈ રીતે અને કેવી સ્થિતિમાં સારામાં સારું કામ કરી શકીએ છીએ તે આપણે અંદરખાને જાણતા જ હોઈએ છીએ. બીજાઓની ટિપ્સ પર શા માટે આધાર રાખવો? આપણે ખુદના જાતે નિયમો બનાવવા અને તેને શિસ્તપૂર્વક વળગી રહેવું. સિમ્પલ.

# શુભમનની ઈજા, T20 સ્ટાઈલમાં બેટિંગ ઈડન ગાર્ડનમાં ટીમ ઈન્ડિયાની હાર....



મુંબઈ, તા.16

ભારતીય ક્રિકેટ માટે શરમજનક દિવસ. કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 30 રને હરાવીને ઈતિહાસ રચી દીધો છે. ભારતીય ટીમ જીતવા માટેના માત્ર 124 રનનો લક્ષ્યાંક પણ હાંસલ કરી શકી નહીં અને સમગ્ર ટીમ માત્ર 93 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ જીત સાથે, દક્ષિણ આફ્રિકાએ 15 વર્ષ બાદ ભારતીય ધરતી પર ટેસ્ટ મેચ જીતી છે અને 2 મેચોની શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

આ હારનું સૌથી મોટું કારણ ભારતીય બેટ્સમેનોની સંપૂર્ણ નિષ્ફળતા હતી. પ્રથમ ઈનિંગ્સમાં ટીમ 189 રન બનાવી શકી, પરંતુ એક પણ બેટ્સમેન અડધી સદી ફટકારી શક્યો નહીં. બીજી ઈનિંગ્સમાં તો પ્રદર્શન વધુ ખરાબ રહ્યું અને આખી ટીમ 93 રનમાં સમેટાઈ ગઈ. ખાસ કરીને, મિડલ ઓર્ડરના બેટ્સમેનોએ પિચની પરિસ્થિતિને સમજ્યા વિના T20 જેવી આક્રમક શૈલી અપનાવી અને પોતાની વિકેટો ગુમાવી.

ભારતીય બેટ્સમેનો સ્પિન રમવામાં માહેર ગણાય છે, પરંતુ આ મેચમાં તેઓ સ્પિનરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા. ઋષભ પંતે પહેલેથી જ પ્રાયોગિક શોટ રમવાનું શરૂ કર્યું, જ્યારે ધ્રુવ જુરેલે પણ પોતાની વિકેટ ફેંકી દીધી. કોઈ પણ બેટ્સમેન લાંબી ભાગીદારી નોંધાવી શક્યો નહીં, જે હારનું મુખ્ય કારણ બન્યું.

ટીમના યુવા ઓપનર યશસ્વી જયસ્વાલ બંને ઈનિંગ્સમાં ફ્લોપ રહ્યા. બીજી ઈનિંગ્સમાં તો તે ખાતું પણ ખોલાવી શક્યા નહીં. બીજી તરફ, ઋષભ પંતે પ્રથમ ઈનિંગ્સમાં 27 રન બનાવ્યા હતા, પરંતુ જ્યારે બીજી ઈનિંગ્સમાં ધૈર્યપૂર્વક રમવાની જરૂર હતી, ત્યારે તેણે પહેલેથી જ આક્રમક વલણ અપનાવ્યું અને માત્ર 2 રન બનાવીને આઉટ થઈ ગયો. કેપ્ટન શુભમન ગિલની ઈજા પણ ટીમ માટે મોટો ફટકો સાબિત થઈ. તે પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 3 બોલ રમીને ગરદનમાં સમસ્યાને કારણે મેદાનની બહાર ચાલ્યો ગયો હતો અને બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરવા આવી શક્યો ન હતો. આ કારણે, ભારતીય ટીમને એક બેટ્સમેનની ખોટ પડી, જેની અસર રન ચેઝ દરમિયાન સ્પષ્ટપણે જોવા મળી. આ હારનું અંતિમ અને સૌથી મોટું કારણ એ હતું કે ભારતીય ટીમમાં ન તો અનુભવ દેખાયો કે ન તો ધૈર્ય. 124 રન જેવા નાના લક્ષ્યનો પીછો કરતી વખતે, જ્યારે શરૂઆત ખરાબ હોય ત્યારે ભાગીદારી બનાવવાની જરૂર હતી. પરંતુ, એક પછી એક બેટ્સમેનોએ ધૈર્ય ગુમાવ્યું. આ વાતનો અંદાજ એના પરથી લગાવી શકાય છે કે વોશિંગ્ટન સુંદર (31 રન) સિવાય કોઈ પણ બેટ્સમેન 50 બોલ સુધી પણ ક્રિઝ પર ટકી શક્યો નહીં.

દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં 159 રન બનાવ્યા. જવાબમાં ભારતે પહેલી ઈનિંગમાં 189 રન બનાવીને 30 રનની લીડ મેળવી. બીજા ઈનિંગમાં પણ ભારતીય બોલરોએ દક્ષિણ આફ્રિકાને 153 રનમાં ઓલઆઉટ કરી દીધું. બાવુમાએ અણનમ 55 રન બનાવ્યા. ભારતને 124 રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, પરંતુ ભારતીય ટીમ બીજી ઈનિંગમાં 93 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી સુંદરે (31) સૌથી વધુ રન બનાવ્યા.

# પ્રથમ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાનો કારમો પરાજય, ખેલાડીઓની નિરાશાજનક બેટિંગ

નવી દિલ્હી, તા.16



સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં ભારતનો પરાજય થયો છે. સીરિઝની પ્રથમ ટેસ્ટ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાઈ. આ મુકાબલામાં સાઉથ આફ્રિકાનો 30 રનથી વિજય થયો. બીજી ઈનિંગમાં ભારતીય ટીમ માત્ર 93 રનમાં જ સમેટાઈ ગઈ. સાઉથ આફ્રિકાના સ્પિનર હાર્મરે મેચમાં 8 વિકેટો ખેરવી.

મેચની શરૂઆતમાં સાઉથ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. સાઉથ આફ્રિકાની ટીમ 159 રન ઓલ આઉટ થઈ. જે બાદ ભારતીય ટીમે 189 રન ફટકાર્યા અને 30 રનની લીડ હાંસલ થઈ. જેમાં સૌથી વધુ રન કે એલ રાહુલે બનાવ્યા હતા. ભારતીય ટીમની 9 વિકેટ પડી હતી, જ્યારે શુભમન ગિલ ઈજાગ્રસ્ત થયો હોવાના કારણે રમી ન શક્યો.

સાઉથ આફ્રિકાની બીજી ઈનિંગ 153 રન પર સમેટાઈ. ટીમ ઈન્ડિયાને જીત માટે 124 રનની જરૂર હતી. જોકે ભારતીય ટીમની બીજી ઈનિંગ 93 રન પર સમેટાઈ જતાં સાઉથ આફ્રિકાનો 30 રને વિજય થયો છે.

શુભમન ગિલ ઈજાના કારણે હોસ્પિટલમાં દાખલ

ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન શુભમન ગિલ ઈજાના કારણે હોસ્પિટલમાં દાખલ છે. જે અંગે BCCIએ સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. કોલકાતામાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ રહી છે. જોકે મેદાન પર જ ઈજાગ્રસ્ત થવાના કારણે શુભમન ગિલ રિટાયર્ડ હર્ટ થયો હતો. જે બાદ રિષભ પંતને કેપ્ટન બનાવવામાં આવ્યો. BCCIએ સમગ્ર મામલે આજે સવારે સત્તાવાર નિવેદન આપતા કહ્યું છે, કે કોલકાતામાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ મેચના બીજા દિવસે કેપ્ટન શુભમન ગિલને ગરદનમાં ઈજા પહોંચી. સારવાર માટે તેને હોસ્પિટલ લઈ જવાયો, હાલ તે ત્યાં જ છે. જેના કારણે તે પ્રથમ ટેસ્ટ મેચમાંથી બાહર થઈ ગયો છે. BCCIની મેડિકલ ટીમ ગિલ પર સતત નજર રાખી છે.

# પિચ કે બેટિંગ, કોલકાતા ટેસ્ટની હાર માટે કોણ જવાબદાર?





નવી દિલ્હી, તા.16

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ઈડન ગાર્ડન્સમાં રમાયેલી ટેસ્ટ મેચમાં ભારતની હાર થાય છે. હાર બાદ પિચને લઈને વિવાદ ઊભો થયો છે, ત્યારે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ગંભીરે કહ્યું છે કે, ટીમ ઈન્ડિયાને વિકેટની જરૂર હતી, તેવી પીચ હતી. આ ઉપરાંત તેના પર બેટિંગ કરવી પણ શક્ય હતી.

ગૌતમ ગંભીરે કહ્યું કે, 'ઈડન ગાર્ડન્સની પિચ અમારા માટે સારી હતી અને ક્યુરેટરને પણ અમારી ખૂબ મદદ કરી. આ પીચ પર ન રમી શકાય, તેવું બિલકુલ ન હતું.' કોચે ભારતીય ક્રિકેટોને ટાંકીને કહ્યું કે, 'જો આવી પીચે હોય તો ત્યાં રમવા માટે સ્કિલની નહીં, પરંતુ માનસિક દ્રઢતા રાખવી જરૂરી છે. આવી પીચ પર રમવા માટે દબાણ સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ, માનસિક મજબૂતી પણ હોવી જોઈએ, ડિફેન્સ પણ ખૂબ મજબૂત હોવો જોઈએ. આવી પીચ પર રમવા માટે માનસિક રીતે મજબૂત રહેવું ખૂબ જરૂરી છે.'

ભારતીય કોચે વધુમાં કહ્યું કે, 'પીચ પર રમવામાં કોઈ મુશ્કેલી ન હતી. મેચમાં મોટાભાગની વિકેટો ઝડપી બોલરોએ લીધી છે. અક્ષર અને બાવુમાએ રન બનાવ્યા છે. 40 વિકેટોમાંથી મોટાભાગની વિકેટો સીમરે લીધી છે.' આ સાથે ગંભીરે કે.એલ.રાહુલ, ટેમ્બા બાવુમા અને વોશિંગ્ટન સુંદરની સારી બેટિંગની પ્રશંસા કરી છે.

પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની 30 રને હાર

ઉલ્લેખનીય છે કે, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાતાના ઈડન ગાર્ડન્સ મેદાનમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ હતી, જેમાં ભારતનો 30 રને પરાજય થયો છે. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં 159 રન અને બીજી ઈનિંગમાં 153 રનમાં ઓલઆઉ થઈ ગઈ હતી, જ્યારે ભારત પ્રથમ ઈનિંગમાં 189 રનમાં અને બીજી ઈનિંગમાં માત્ર 93 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મેચમાં દક્ષિણ આફ્રિકાના બોલર સિમોન હારમરે કુલ આઠ વિકેટ ઝડપી હતી. ખાસ વાત એ છે કે, દક્ષિણ આફ્રિકાએ ભારતને ટેસ્ટ ક્રિકેટમાં તેના જ ઘરમાં હાર આપી છે. આ જીત સાથે જ દક્ષિણ આફ્રિકાએ 2 મેચોની સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે.

# સંજય લીલા ભણશાલી હીરામંડી ટુની બનાવવાની તૈયારમાં

મુંબઈ, તા.16

સંજય લીલા ભણશાલીએ હીરામંડી ટુ પર કામ શરૂ કરી દીધું છે. સીરીઝના લેખકે એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, હાલ અમે સીરીઝના રાઈટિંગ સ્ટેજ પર છીએ. હાલ કેરેકટરઅને સ્ટોરી લાઈન પર કામ ચાલી રહ્યું છે.બીજી સીરીઝની વાર્તામાં તવાયફો નવાબો માટે મુજરા નહીં કરે તે રીતે વિકસાવવામાં આવશે,પરંતુ તેઓ ફિલ્મ માટે નૃત્ય કરતી જોવા મળશે. હીરામંડી ટુમાં લાહોરથી આ તવાયફો નીકળીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરશે એમ દર્શાવામાં આવશે. વિભાજન પછી લાહોર છોડીને મોટા ભાગની નૃત્યાંગનાઓ મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને કોલકત્તા ઈન્ડસ્ટ્રીમાં ઠરીઠામ થતી દેખાડવામાં આવશે. તો હીરા મંડીની બજારનો વેપાર તો નૃત્ય કરીને પૈસા કમાવવાનો છે તે જ રહેશે. પરંતુ આ વખતે તેઓ નવાબો માટે નહીં પરતુ ફિલ્મ નિર્માતાઓ માટે ડાન્સ કરતી જોવા મળશે. આ રીતે બીજી સીરીઝની યોજના થઈ કહી હોવાનું ભણશાલીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હીરામંડીમાં અદિતી રાવ હૈદરી, મનીષા કોઈરાલા, ઋચા ચઢ્ઢા, સોનાક્ષી સિંહા, ફરીદા જલાલ અને શર્મનિ સાહગલે મહત્વના રોલ નિભાવ્યા હતા. જોકે આ સીરીઝમાં મૂળ સીરીઝના જ કલાકારો હશે કે નહીં તે વિશે ભણશાલી તેમજ સીરીઝીની ટીમે કોઈ સ્પષ્ટતા કરી નથી.





**જેમાં તવાયફો નવાબો માટે મુજરા નહીં કરે તે રીતે વાર્તા વિકસાવશે**

# શાહરૂખ ખાનના નામે દુબઈમાં બંધાતા ટાવરનું મુંબઈમાં ઉદ્ઘાટન






મુંબઈ, તા.16

શાહરૂખ ખાનની લોકપ્રિયતા દેશ-વિદેશમાં ફેલાયેલી છે, પરંતુ દુબઈવાસીઓનો ખાસ માનીતો અભિનેતા છે. તેની પોપ્યુલારિટીને જોઈને દુબઈમાં એક કમર્શિલ ૫૬ માળનો ૪૦૦૦ કરોડ રૂપિયાનો ટાવર બનવાનો છે. આ ટાવરનું બાંધકામ ૨૦૨૯માં પુરુ થશે. આ ટાવર પર શાહરૂખની એક મૂર્તી પણ રાખવામાં આવશે. રસપ્રદ વાત એ છે કે, કોઈ મુસ્લિમ દેશમાં પહેલી વાર કોઈ મુસ્લિમ એકટરની મૂર્તિ પણ મુકવામાં આવશે. આ એક ઐતહાસિક કદમ હોવાનું કહેવાય છે. આ ટાવરમાં એક હેલીપેડ અને સ્વિમિંગ પુલ પણ સામેલ હશે. આ ટાવરનું નામ શાહરૂખ્જ ડેન્યૂબ રાખવામાં આવ્યું છે. શુક્રવારે મુંબઈમાં એક ઈવેન્ટ યોજવામાં આવી હતી. જ્યાં આ ટાવરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં બિલ્ડિંગના ફાઉન્ડર અને ચેરમેન પણ હાજર હતો.

પોતાના નામથી બનતા ટાવરથી શાહરૂખે ગર્વ અને ખુશી જાહેર કર્યા હતા. સાથેસાથે તેણે તેની સ્વર્ગસ્થ માતાને પણ યાદ કરીને કહ્યું હતું કે, મને મળેલા આ સમ્માનથી આજે મારી માતા જીવતી હોત તો તે બહુ ખુશ થાત.હું મારા બાળકોને મારું નામ લખેલું ટાવર બતાવીશ ત્યારે આ પાપાનું બિલ્ડિંગ છે એમ કહેતા મને બહુ આનંદ આવશે. શાહરૂખે વધુમાં કહ્યું હતું કે, મેં કદી શમણાંમાં પણ નહોતું વિચાર્યું કે, મારા નામનું ટાવર દુબઈમાં બનશે.

# પ્રભાસ આગામી ફિલ્મ માટે નાટુ નાટુ ગીતના કોરિયોગ્રાફર પ્રેમ રક્ષિત સાથે કામ કરશે



મુંબઈ, તા.16

પ્રભાસની આગામી ફિલ્મની તૈયારી શરૂ થઈ ગઈ છે. જોકે આ ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક, અન્ય કાસ્ટ તેમજ ફિલ્મની પટકથા વિશે માહિતી જાહેર કરવામાં આવી નથી. પરંતુ આ ફિલ્મના કોરિયોગ્રાફર તરીકે પ્રેમ રક્ષિતને લેવામાં આવ્યો છે. જેણે નાટુ નાટુ ગીત માટે ઓસ્કાર એવોર્ડ મેળવ્યો હતો. આ ફિલ્મ દર્શકો માટે એક કૌતુક અને ચમત્કાર સમાનનીવડશે તેમ સૂત્રે જણાવ્યું હતું. ફિલ્મની ટીમને પૂરતો વિશ્વાસ છે કે, આ ફિલ્મ દર્શકોને ચોક્કસ આકર્ષિત કરશે. એક રિપોર્ટના અનુસાર,આ ફિલ્મ દર્શકો માટે એક ખાસ ફિલ્મ હશે.આ ફિલ્મની સત્તાવાર જલદી જ ઘોષણા કરવામાં આવશે. હાલમાં જ પ્રભાસની ફિલ્મ સ્પિરિટનો એક વીડિયો જોવા મળ્યો હતો.

# નોરા ફતેહીએ શ્રેયા ઘોષાલને 'હરતી ફરતી ઓટોટ્યુન' ગણાવી

**અમેરિકાની પોડકાસ્ટમાં તેણે લોકોને બોલિવૂડનાં ગીતો સાંભળવા કહ્યું**



મુંબઈ, તા.16

એક્ટર ડાન્સર નોરા ફતેહીએ આંતરરાષ્ટ્રિય સ્તરે શ્રેયા ઘોષાલના વખાણ કર્યાં છે, તેણે બોલિવૂડને ન જાણતાં લોકોને ભારતીય સંગીત અને સંસ્કૃતિનો પરિચય મેળવવા માટે શ્રેયા ઘોષાલના ગીતો સાંભળવા સૂચન કર્યું છે. તાજેતરમાં નોરા ફતેહી એક અમેરિકન પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે કહ્યું કે 'શ્રેયા ઘોષાલનો અવાજ તેણે સાંભળેલો સૌથી સુંદર અવાજ છે'.

નોરા સીઆરાઝ પોડકાસ્ટમાં હાજર રહી હતી, જ્યાં તેણે પોતાની એક્ટિંગ અને સિંગિંગ કેરિઅરની સફર વિશે વાત કરી હતી. સાથે જ તેણે પોતાની બેલી ડાન્સિંગની ટેલેન્ટ વિશે પણ વાત કરી છે. આ ચર્ચામાં જ્યારે નોરાને બોલિવૂડ વિશે ન જાણતાં લોકોએ કયા કલાકારને સાંભળવા જોઈએ એવું પૂછવામાં આવ્યું તો નોરાએ તરત જ શ્રેયા ઘોષાલનું નામ કહ્યું હતું.

નોરાએ કહ્યું, "જો તમે બોલિવૂડ વિશે નથી જાણતા અને તમે એ શું છે એ જાણવાની કોશિશ કરો છો તો હું કહીશ શ્રેયા ઘોષાલને સાંભળો. એ અદ્દભુત છે. મેં તેની સાથએ એક ગીત ગાયું છે, જેમાં હિન્દી ભાગ એણે ગાયો છે. તું એ સાંભળીને થોડાં જ દિવસોમાં મેસેજ કરીશ અને કહીશ, "વાઉવ!" તેનો અવાજ મેં સાંભળેલા સૌથી શ્રેષ્ઠ અવાજ છે. તેણે કેટલીક લોકપ્રિય ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત ગાયેલાં છે, એ સિવાય તે સિંગલ્સ પણ ગાય છે. તે તો જાણે હરતી ફરતી ઓટોટ્યુન છે. એ જે રીતે ગાય છે તે આશ્ચર્યચકિત થઈ જવાય એવું છે. જે પણ વ્યક્તિ બોલિવૂડ સંગીતને કે સંસ્કૃતિને સમજવા માગે છે, તેણે શ્રેયાના સાંભળવી જોઈએ."

તાજેતરમાં શ્રેયા સાથે ગાયેલાં ગીત ઓહ મામા તેતેમા અંગે નોરાએ કહ્યું, "જ્યારે એ લોકોએ મને કહ્યું કે મારે તેની સાથે ગાવાનું છે, તો હું ડરી ગઈ હતી. હું ખોટું નહીં બોલું. હું કોઈ ગાયક નથી. હું તો બસ મજા લઉં છું. પરંતુ એ ખરા અર્થમાં ગાયક છે."

# કિસાન સન્માન નિધિનો 21મો હપ્તો 19 નવેમ્બરના રોજ પ્રાપ્ત થશે

## PM મોદી 10 કરોડ ખેડૂતોના ખાતામાં 2-2 હજાર રૂપિયા ટ્રાન્સફર કરશે

**નવી દિલ્હી, તા.16**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો 19 નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવશે. દેશભરના 10 કરોડથી વધુ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21મો હપ્તો બહાર પાડશે.

આ યોજના હેઠળ, નાના અને સીમાંત ખેડૂતોને વાર્ષિક 2,000 ના ત્રણ હપ્તા (કુલ 6,000) આપવામાં આવે છે. આ રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

કેટલાક રાજ્યોને 21મો હપ્તો મળી ગયો છે કેન્દ્ર સરકારે કેટલાક રાજ્યોને 21મો હપ્તો પહેલેથી જ આપી દીધો છે. આ હપ્તો 26 સપ્ટેમ્બર, 2025ના રોજ પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના ખેડૂતોને આપવામાં આવ્યો હતો, કારણ કે આ રાજ્યોમાં પૂર અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે આગોતરી રાહત આપવામાં આવી હતી. વધુમાં, જમ્મુ અને કાશ્મીરના ખેડૂતોને 7 ઓક્ટોબર, 2025 ના રોજ આ હપ્તો મળ્યો હતો. અન્ય રાજ્યોને નવેમ્બરમાં ચુકવણી થવાની ધારણા છે.



આ યોજના હેઠળ, દર વર્ષે ત્રણ હપ્તામાં ખેડૂતોના ખાતામાં 2,000 ટ્રાન્સફર કરવામાં આવે છે. પહેલો હપ્તો એપ્રિલ અને જુલાઈ વચ્ચે, બીજો ઓગસ્ટ અને નવેમ્બર વચ્ચે અને ત્રીજો ડિસેમ્બર અને માર્ચ વચ્ચે આપવામાં આવે છે.

20મો હપ્તો 2 ઓગસ્ટના રોજ રિલીઝ થયો હતો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2 ઓગસ્ટના રોજ કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો 20મો હપ્તો જાહેર કર્યો. ઉત્તર પ્રદેશના વારાણસીથી, પીએમ મોદીએ 20મા હપ્તા તરીકે 97 મિલિયન ખેડૂતોના ખાતામાં 20.84 કરોડ ટ્રાન્સફર કર્યા.

પીએમ-કિસાન યોજના 2019માં શરૂ કરવામાં આવી હતી પીએમ-કિસાન યોજના ફેબ્રુઆરી 2019 માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, પાત્ર ખેડૂતોને વાર્ષિક 6,000 ની નાણાકીય સહાય મળે છે, જે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સીધા તેમના બેંક ખાતામાં ત્રણ હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. હાલમાં, દેશભરના 10 કરોડથી વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

# આ અઠવાડિયે બજારમાં 2 નવા IPO ખુલશે : એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ ₹500 કરોડ એકત્ર કરશે, 7 IPO લિસ્ટેડ થશે

**મુંબઈ, તા.16**

આ અઠવાડિયે ફક્ત બે નવા IPO સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. મેઈનબોર્ડ સેગમેન્ટમાં, એક્સેલસોફ્ટ ટેકનોલોજી 500 કરોડ એકત્ર કરશે, જ્યારે SME સેગમેન્ટમાં, ગેલાર્ડ સ્ટીલ 37.50 કરોડનો ઈશ્યૂ લોન્ચ કરશે. બંને 19 થી 21 નવેમ્બર સુધી ખુલ્લા રહેશે. વધુમાં, સાત નવા IPO બજારમાં લિસ્ટેડ થશે, જેમાં ટેક્નો ક્લીન એર જેવા નામોનો સમાવેશ થાય છે.




એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો IPO 19 નવેમ્બરે ખુલશે અને 21 નવેમ્બરે બંધ થશે. આ બુક-બિલ્ટ ઈશ્યૂ 500 કરોડનો છે, જેમાં 180 કરોડના 150 કરોડ શેરનો નવો ઈશ્યૂ છે.

સાથે જ, 2.67 કરોડ શેરની ઓફર ફોર સેલ (OFS) નું મૂલ્ય 320 કરોડ હશે. કિંમત બેન્ડ 114 થી 120 પ્રતિ શેર છે. આનંદ રાઠી એડવાઈઝર્સ લિમિટેડ બુક-રનિંગ લીડ મેનેજર છે, જ્યારે MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ રજિસ્ટ્રાર છે.

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડ એ વૈશ્વિક વર્ટિકલ SaaS કંપની છે જેની સ્થાપના 2000માં કર્ણાટકના મૈસુરમાં થઈ હતી. કંપની લર્નિંગ અને એસેસમેન્ટ માર્કેટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને AI-આધારિત ડિજિટલ લર્નિંગ, એસેસમેન્ટ સોલ્યુશન્સ અને ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ્સ પ્રદાન કરે છે.

શરૂઆતમાં એક ખાનગી લિમિટેડ કંપની તરીકે શરૂ થયેલી, કંપનીએ હવે તેની કામગીરી ઘણા દેશોમાં વિસ્તારી છે, જે મુખ્યત્વે શિક્ષણ ક્ષેત્રમાં ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રદાન કરે છે. મૈસુરમાં હેડક્વાર્ટર છે. તે યુએસ, યુકે, મધ્ય પૂર્વ અને એશિયા જેવા પ્રદેશોમાં કાર્યરત છે, જ્યાં તે એડટેક અને કોર્પોરેટ તાલીમ માટે સોફ્ટવેર સેવાઓ પૂરી પાડે છે.

ગેલાર્ડ સ્ટીલનો SME IPO પણ 19 થી 21 નવેમ્બર સુધી ખુલશે. આ એક સંપૂર્ણપણે નવો ઈશ્યૂ છે જેમાં 0.25 કરોડ શેરનું મૂલ્ય 37.50 કરોડ છે. પ્રાઈસ બેન્ડ ૧142 થી 150 પ્રતિ શેર છે. સેરીન કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ બુક-રનિંગ લીડ મેનેજર તરીકે કાર્ય કરશે, જ્યારે અંકિત કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ રજિસ્ટ્રાર તરીકે કાર્ય કરશે. કંપની સ્ટીલ ક્ષેત્રમાં કાર્યરત છે.

એમવી ફોટોવોલ્ટેક્સ 18 નવેમ્બરના રોજ બીએસઈ અને એનએસઈ પર લિસ્ટેડ થશે.

ટેનેકો ક્લીન એર 19 નવેમ્બરે અને ફુજિયામા પાવર સિસ્ટમ્સ 20 નવેમ્બરે લિસ્ટ થશે.

કેપિલરી ટેક્નોલોજીસ 21 નવેમ્બરના રોજ BSE-NSE પર આવશે.

SMEમાં વર્કમેટ્સ કોર-ટુ-ક્લાઉડ 18 નવેમ્બરના રોજ BSE SME પર લિસ્ટેડ થશે.

મહામાયા લાઈફસાયન્સિસ પણ 18 નવેમ્બરના રોજ લિસ્ટેડ થશે.

# 'અર્થ'નું અર્થઘટન : વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 2: રોકાણ માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે બોન્ડ્સ

**મુંબઈ, તા.16**

બોન્ડ્સ, એક મહત્વનું રોકાણ માટેનું પ્લેટફોર્મ છે. આજથી લગભગ 30થી 32 વર્ષ પહેલાં, સરદાર સરોવર ડેમ માટે સરકારે નર્મદા બોન્ડ બહાર પાડ્યા હતા. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNL) ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ, જે વર્ષો પહેલા જારી કરવામાં આવ્યા હતા. આ બોન્ડ ખૂબ જ પ્રચલિત થયા હતા.

આ બોન્ડમાં એક નિશ્ચિત, પૂર્વનિર્ધારિત વ્યાજ દર આપવામાં આવે છે.

આ બોન્ડ માં વ્યાજ દર LIBOR અથવા સરકારી બોન્ડ યીલ્ડ જેવા બેન્ચમાર્ક ને આધારીત હોય છે.

આ બોન્ડ માં સમયાંતરે વ્યાજ ચૂકવાતું નથી. પણ મૂળ મૂલ્ય પર ડિસ્કાઉન્ટ પર વેચવામાં આવે છે, અને બોન્ડધારકને પરિપક્વતા પર સંપૂર્ણ મૂળ મૂલ્ય પ્રાપ્ત થાય છે.




આ બોન્ડમાં કૂપન રેટ પૂર્વ-નિર્ધારિત ધોરણે બદલાવાથી વર્ષો પછી મૂલ્ય માં વધારો થાય છે.

આમાં બોન્ડધારકની સમજણ અને બુદ્ધિથી ઈશ્યુઅરના સામાન્ય સ્ટોકની પૂર્વનિર્ધારિત સંખ્યામાં રૂપાંતરિત કરી શકાય છે.

આ બોન્ડ સ્ટોકમાં રૂપાંતરિત કરી શકાતા નથી અને પરિપક્વતા સુધી બોન્ડ તરીકે રહી શકતા નથી.

આ બોન્ડમાં કંપનીની ચોક્કસ સંપત્તિઓ દ્વારા પ્રેરિત અને સમર્થિત, જે કોલેટરલ તરીકે ગીરવે મૂકવામાં આવે છે.

આ બોન્ડ ચોક્કસ કોલેટરલ દ્વારા સમર્થિત નથી માટે ડિબેન્ચર તરીકે જાણીતા છે અને તે ફક્ત જારીકર્તાની ક્રેડિટ યોગ્યતા દ્વારા સમર્થિત હોય છે.

આ બોન્ડમાં, ઈસ્યુઅરને બોન્ડની પરિપક્વતા ની તારીખ પહેલાં રિડીમ કરવાની મંજૂરી આપે છે, જ્યારે વ્યાજ દર ઘટે છે.

આ બોન્ડમાં, ધારકને પરિપક્વતા પહેલાં બોન્ડ ઈશ્યુઅરને પાછા વેચવાની મંજૂરી આપવામાં આવે છે, જ્યારે વ્યાજ દરમાં વધારો થાય છે.

ઉચ્ચ ક્રેડિટ રેટિંગ (બ્લુચિપ, AA++, AAA++ રેટિંગ) ધરાવતી કંપનીઓ દ્વારા જારી કરવામાં આવે છે, જે ખૂબ જ સ્થિર અને વિશ્વસનીય માનવામાં આવે છે.

આ બોન્ડ, જંક બોન્ડ્સ તરીકે વધુ પ્રચલિત છે, આ નીચા ક્રેડિટ રેટિંગ ધરાવતી કંપનીઓ દ્વારા જારી કરવામાં આવે છે અને તેથી ડિફોલ્ટનું જોખમ વધારે હોય છે.

# નિકાસકારોને લોનના રિપેમેન્ટ્સમાં ચાર મહિનાનું મોરેટોરિઅમ અપાયું

## પડકારોનો સામનો કરી રહેલા નિકાસકારોને રાહત

**મુંબઈ, તા.16**

અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૫૦ ટકા ટેરિફ અને બીજા દેશોના માલ પર પ્રમાણમાં ઓછા ટેરિફ લાગુ કરવાના કારણે વિશ્વ બજારમાં ભારતની નિકાસ સામે વધેલી સ્પર્ધાથી દબાણ હેઠળ આવી ગયેલા દેશના નિકાસકારોને રાહત પૂરી પાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા લોનના રિપેમેન્ટ્સ પર મોરેટોરિઅમ સહિતના કેટલાક પગલાં જાહેર કરવામાં આવ્યા છે.નિકાસકારો દ્વારા લેવાયેલી લોનના રિપેમેન્ટ પર ચાર મહિનાના મોરેટોરિઅમની રિઝર્વ બેન્કે જાહેરાત કરી છે.

અમેરિકાના ટેરિફને કારણે દેશના ખાસ કરીને લેધર, જેમ્સ એન્ડ જ્વલેરી, કેમિકલ્સ તથા એપરલ ક્ષેત્રના નિકાસકારો પર વધુ અસર પડી છે.

નિકાસમાં નબળાઈને કારણે કેશ ફ્લોમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખી નિકાસકારોને ટેકો પૂરો પાડવા આ નિર્ણય આવી પડયો છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ના જે વેપાર ગૃહો એક્સપોર્ટ ક્રેડિટ વ્યવસ્થા ધરાવતા હશે અને જેમના એકાઉન્ટસ સ્ટાન્ડર્ડ તરીકે વર્ગીકૃત થયા હશે તેઓ આ લાભો માટે પાત્ર ગણાશે, એમ રિઝર્વ બેન્કના નોટિફિકેશનમાં જણાવાયું છે.




૧લી સપ્ટેમ્બરથી શરૂ થઈ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના દરેક રિપેમેન્ટસ માટે આ મોરેટોરિઅમનો લાભ મળી રહેશે.

આ અગાઉ કોરોનાના કાળ દરમિયાન પણ આવાજ પ્રકારની રાહત પૂરી પાડવામાં આવી હતી.

આ પગલાંથી હાલના અનિશ્ચિત સમયમાં નિકાસકારોનો દેવાની ચૂકવણીનો બોજ હળવો થશે. ટેરિફને કારણે વિશ્વભરમાં વેપાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

અન્ય પગલાંઓમાં એક્સપોર્ટ ક્રેડિટના રિપેમેન્ટમાં છૂટછાટ તથા પ્રી-શિપમેન્ટ અને શિપમેન્ટ પછીની એક્સપોર્ટ ક્રેડિટ માટે મહત્તમ સમયગાળો ૨૭૦ દિવસથી વધારી ૪૫૦ દિવસ કરાયો છે.

## આ અઠવાડિયે સોનું ₹4,694 મોંઘુ થઈને ₹1.25 લાખને પાર

# ચાંદી₹11,092મોંઘીથઈ,સોનામાં₹48,632નો અને ચાંદીમાં ₹73,350નો વધારો થયો હતો...

**નવી દિલ્હી, તા.16**

ત્રણ અઠવાડિયાના સતત ઘટાડા પછી ચોથા અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 7 નવેમ્બરના રોજ સોનું 1,20,100 પ્રતિ 10 ગ્રામ હતું, જે 4,694 વધીને 1,24,794 પર પહોંચી ગયું. 17 ઓક્ટોબરના રોજ, સોનું 1,30,874 પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યું, જે તેની સૌથી વધુ કિંમત હતી.

આ અઠવાડિયે ચાંદીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે (7 નવેમ્બર) 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ 1,48,275 રૂપિયા હતો, જે આ અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, 14 નવેમ્બર સુધીમાં 11,092 રૂપિયા વધીને 1,59,367 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયો હતો. અગાઉ, 14 ઓક્ટોબરે, ચાંદી 1,78,100 રૂપિયા પર પહોંચી ગઈ હતી, જે તેની સૌથી વધુ કિંમત હતી.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 48,632નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024 ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,24,794 થયો છે.

આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવમાં પણ 73,350નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024 ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે 1,59,367 પ્રતિ કિલોગ્રામ છે.



પરિવહન ખર્ચ: સોનું એક ભૌતિક વસ્તુ છે, તેથી તેના પરિવહનમાં ખર્ચ થાય છે. મોટાભાગની આયાત હવાઈ માર્ગે થાય છે. ત્યારબાદ સોનાને આંતરિક ભાગમાં પરિવહન કરવું પડે છે. પરિવહન ખર્ચમાં બળતણ, સુરક્ષા, વાહનો અને સ્ટાફ ફીનો સમાવેશ થાય છે.

સોનાની ખરીદીનું પ્રમાણ: શહેર અને રાજ્ય પ્રમાણે સોનાની માગ બદલાય છે. ભારતના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો હિસ્સો આશરે 40% છે. અહીં, વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે, જેના કારણે કિંમતો ઓછી થાય છે. જોકે, ટાયર-2 શહેરોમાં કિંમતો વધુ હોય છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: ઉદાહરણ તરીકે તમિલનાડુમાં, સોનાનો દર જ્વેલર્સ અને ડાયમંડ ટ્રેડર્સ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવે છે. તેવી જ રીતે, દેશભરમાં અન્ય ઘણા સંગઠનો છે જે ભાવ નક્કી કરે છે.

સોનાની ખરીદી કિંમત: વિવિધ શહેરોમાં સોનાના ભાવને અસર કરતું આ સૌથી મોટું પરિબળ છે. જે ઝવેરીઓએ પોતાનો સ્ટોક ઓછી કિંમતે ખરીદ્યો છે તેઓ ઓછા દર વસૂલ કરી શકે છે.

ફક્ત પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા એવું પ્રમાણિત સોનું ખરીદો જે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક ધરાવતું હોય. આ નંબર આલ્ફાન્યૂમેરિક હોઈ શકે છે, જેમ કે AZ4524. હોલમાર્કિંગ સોનાના કેરેટેજને દર્શાવે છે.

કિંમતની ક્રોસ-ચેક કરો: ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને તેની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન વેબસાઈટ) નો ઉપયોગ કરીને તપાસો. સોનાના ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના આધારે બદલાય છે.

# માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં 450 લાખ ખાતાઓનો ઘટાડો, મોટી ચિંતાનો વિષય

## ગત નાણાકીય વર્ષમાં આ ક્ષેત્રે ભંડોળમાં જોવાયેલો ૫૫ ટકાનો ઘટાડો

**અમદાવાદ, તા.16**

માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં ગયા વર્ષ દરમિયાન લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો અને બાકી રકમમાં ઘટાડો માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ માટે ચિંતા અને તણાવનો વિષય છે અને આ ક્ષેત્રે આ મુદ્દા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. જરૂરિયાતમંદ લોકો ઊંચા વ્યાજ દરે ઉધાર લઈ શકે છે પરંતુ ચૂકવણી કરી શકતા નથી તેમ નાણાકીય સેવાઓ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ દરો ઊંચા છે. ઊંચા વ્યાજ દર વાસ્તવમાં માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓના સંગઠનમાં બિનકાર્યક્ષમતાને કારણે છે. વ્યાજ દરને વાજબી સ્તરે રાખવા એ નાણાકીય સમાવેશ માટે મહત્વપૂર્ણ છે. સપ્ટેમ્બર સુધીમાં લોન ખાતાઓની સંખ્યામાં



૪૫૦ લાખનો ઘટાડો થયો છે. લોન ખાતાઓમાં કુલ બાકી રકમ માર્ચ ૨૦૨૪ માં રૂા. ૪.૪ લાખ કરોડથી ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૫ માં ?૩.૪ લાખ કરોડ થઈ ગઈ છે. માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર આર્થિક અને સમાવેશી વિકાસનો સૌથી મહત્વપૂર્ણ સ્તંભ બની ગયું છે અને દેશમાં નાણાકીય સમાવેશ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. મોટી સંખ્યામાં ચાલુ સરકારી યોજનાઓ હોવા છતાં, હજુ પણ ઘણા યુવાનોને ભંડોળ પૂરું પાડવાની જરૂર છે. સરકાર નાણાકીય સમાવેશ અને મહિલા સશક્તિકરણ માટે માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓને ટેકો આપવાનું ચાલુ રાખશે, પરંતુ માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં હજુ પણ જુસ્સો અને પ્રતિબદ્ધતાનો અભાવ છે. આ ક્ષેત્રે યુવા પેઢીને આકર્ષવાની જરૂર છે. માઈક્રોફાઈનાન્સ સામાન્ય રીતે બેંકો, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા અને નેશનલ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ બેંક પાસેથી ભંડોળ મેળવે છે. તેઓ બોન્ડ દ્વારા પણ ભંડોળ એકત્ર કરે છે. માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ ભંડોળ અડધાથી વધુ ઘટીને ?રૂ. ૫૮,૧૦૯ કરોડ થયું હતું, જે વાર્ષિક ધોરણે ૫૫.૪૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. કેરએજ ના અહેવાલમાં જણાવાયું છે કે માર્ચ ૨૦૨૬ ના રોજ પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૪ ટકા રહેવાની ધારણા છે.

# બિટકોઈનમાં સતત ધોવાણ: ભાવ ગબડી 95900 ડોલરની અંદર

**મુંબઈ, તા.16**

અમેરિકામાં આર્થિક ડેટાને લઈને પ્રવર્તતી અસ્પષ્ટતા તથા ફેડરલ રિઝર્વની આવતા મહિનાની બેઠકમાં વ્યાજ દર અંગે ચોક્કસ દિશાના અભાવે વર્તમાન સપ્તાહ ક્રિપ્ટો કરન્સીસ માટે નબળુ પસાર થયું હતું.

મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનનો ભાવ વર્તમાન સપ્તાહમાં દસ ટકા જેટલો ઘટી છેવટે ૯૫૮૯૦ ડોલર કવોટ થતો હતો. અન્ય ક્રિપ્ટો એથરમ પણ સપ્તાહમાં ૧૧ ટકા ઘટી ૩૨૦૦ ડોલરની અંદર ઊતરી ગયો હતો. ઓકટોબરના પ્રથમ સપ્તાહમાં ઓલટાઈમ હાઈ સપાટીએથી બિટકોઈનમાં ૨૫ ટકા જેટલું કરેકશન આવ્યું છે.



ક્રિપ્ટોસના ભાવમાં કડાકાને પરિણામે ક્રિપ્ટો સંબંધિત ઈક્વિટીસના ભાવ પણ અમેરિકાની બજારોમાં નીચા બોલાતા હતા. અમેરિકામાં ૪૩ દિવસ સુધી ચાલેલા સૌથી લાંબા શટડાઉન દરમિયાન રોજગાર તથા ફુગાવા જેવા મહત્વના ડેટા જાહેર નહીં થતા ખેલાડીઓમાં અસમંજસની સ્થિતિ હતી. ફેડરલ રિઝર્વ સામાન્ય રીતે વિવિધ આર્થિક ડેટાને આધારે વ્યાજ દરનો નિર્ણય લેતું હોય છે.

શટડાઉન સમાપ્ત થઈ ગયું છે, પરંતુ ડેટા હજુ જાહેર કરાતા નથી. ઓકટોબરના આર્થિક ડેટા જાહેર થવા સામે પણ શંકા સેવાઈ રહી છે.

શટડાઉનની સમાપ્તિ બાદ મંજુર થયેલા સ્પેન્ડિંગ બિલ સરકાર૩૦ જાન્યુઆરી સુધી જ વહીવટ માટે કાર્યરત રહી શકશે, જેને કારણે પણ રોકાણકારોનું માનસ ખરડાયેલું છે.

# કોંગ્રેસની 21મીથી જન-આક્રોશ યાત્રા યોજાશે, વાવ-થરાદથી શરૂઆત

## 1100 કિલોમીટરનું ભ્રમણ કરી બેચરાજીમાં સમાપન, 5 ઝોનમાં 60 દિવસ સુધી ચાલશે

**અમદાવાદ, તા.16**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા કોંગ્રેસે સરકાર સામે બાયો ચડાવી છે. સોમનાથથી દ્વારકા સુધી ખેડૂત આક્રોશ યાત્રા યોજ્યા બાદ કોંગ્રેસ રાજ્યભરમાં કોંગ્રેસ વધુ એક વખત યાત્રા યોજવા જઈ રહી છે. રાજ્યભરમાં જન આક્રોશ યોજવાની જાહેરાત કરી છે. રાજ્યના 5 ઝોનમાં અલગ અલગ મુદ્દાઓને લઈને કોંગ્રેસ 60 દિવસ સુધી જન આક્રોશ યાત્રા યોજશે. આગામી 21 નવેમ્બરના વાવ - થરાદથી યાત્રાની શરૂઆત થશે. ઢીમાથી પહેલા ફેઝની યાત્રાની શરૂઆત કરવામાં આવે જે 1100 કિલોમીટર સુધી ભ્રમણ કરશે. પહેલા ફેઝની યાત્રાનું બેચરાજીમાં સમાપન થશે. ખેડૂતોના મુદ્દા, યુવાનોના મુદ્દા, મહિલાઓના મુદ્દા, મોંઘવારી સહિતના મુદ્દાઓને લઈને કોંગ્રેસ ગામે ગામ જાહેર સભા યોજશે.




કોંગ્રેસે અલગ અલગ 5 ઝોનમાં વિસ્તારોને વિભાજિત કર્યા છે. આ તમામ 5 ફેઝમાં જન આક્રોશ યાત્રા યોજવાની તૈયારી કરવામાં આવી છે. અંદાજે 60 દિવસ સુધી જન આક્રોશ યાત્રા અલગ અલગ ઝોનમાં ફરવાની છે. જેની શરૂઆત ઉત્તર ગુજરાતમાંથી કરવામાં આવી છે. લોકોના પ્રશ્નોને વાચા આપવા માટે ઉત્તર ગુજરાતમાં 1100 કિલોમીટર સુધી યાત્રા ફરવાની છે. તમામ ઝોનમાં આવતા ગામડાઓમાં જાહેર સભા યોજશે. તેમજ આ વખતે યાત્રામાં જનતાને સ્ટેજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. 7 જિલ્લાઓમાં અને 40 તાલુકાઓમાં યાત્રા પસાર થશે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, છેલ્લા 3 દાયકાના શાસનમાં ભાજપે અંગ્રેજોનું શાસન હોય તે રીતે કામ કર્યું છે. ડર અને ભયનો માહોલ ભાજપ સરકારે ઊભો કર્યો, એવા સમયમાં ગુજરાતની સાડા છ કરોડની જનતાના પૈસાથી સરકારની તિજોરીઓ ભરાય છે. દર વર્ષે વિધાનસભામાં બજેટ પાસ થયું હોય છે. ચાલુ વર્ષનું બજેટ જોઈએ તો 3.70 લાખ કરોડ રૂપિયાનું બજેટ ગુજરાત વિધાનસભાએ પાસ થયું હતું.

મુખ્યમંત્રી, કલેક્ટર, સામાન્ય કર્મચારી હોય કે ધારાસભ્ય હોય બધાનો પગાર પ્રજાના ટેક્સના પૈસાથી થાય છે. ત્યારે ત્રણ દાયકામાં અબજો રૂપિયાના બજેટના ખર્ચ પછી ગુજરાતના ખેડૂતોને શું મળ્યું? ગુજરાતના યુવાનોને શું મળ્યું? ગુજરાતની મહિલાઓ માટે શું થયું? ગુજરાતનો નાનો વેપારી હોય કામદાર હોય એક મજૂર હોય એ સામાન્ય વ્યક્તિ હોય એને ત્રણ દાયકાના શાસન પછી શું મળ્યું? તેના લેખા જોખા તૈયાર કરવાની જરૂર છે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, અધિકાર મેળવવા આંદોલન અને ઉપવાસ કરવા પડે છે. કોઈ પણ લોકોના અવાજ સાંભળતું નથી. જનતાના અધિકારો છીનવાઈ રહ્યા છે, જનતા આજે તકલીફમાં છે દંડ અને પીડા અનુભવી રહી છે. ભેદભાવનો ભોગ બની રહ્યા છે કે ચારે તરફ લોકોમાં આક્રોશ છે. ભ્રષ્ટાચાર નાબૂદ થાય તેવી લોકો અપેક્ષા રાખે છે.

# અમદાવાદના ભુવાલડીમાં નબીરાએ બેફામ કારથી શ્રમિકોને કચડ્યા, ગર્ભવતી મહિલાનું કરૂણ મોત



**અમદાવાદ, તા.16**

અમદાવાદના ભુવાલડીથી ઝાણુ ગામ જવાના રસ્તા પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક સગીરે બેફામ કાર ચલાવતા પેવરબ્લોકનું કામ કરી રહેલા શ્રમિકોને કચડ્યા હતા. આ અકસ્માતના બનાવમાં એક ગર્ભવતી મહિલાનું મોત અને 2થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. સગીર પૂર્વ સરપંચનો પુત્ર હોવાનું જણાય છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના ભુવાલડી પાસે પૂર્વ સરપંચના પુત્રએ બેફામ પણે કાર ચલાવીને રસ્તાની બાજુમાં કામ કરી રહેલા શ્રમિકોને કચડ્યા હતા. અકસ્માતમાં એક ગર્ભવતી મહિલાનું કરૂણ મોત થયું છે. કેટલાક લોકોને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતના બનાવને લઈને સ્થાનિકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. ઘટનામાં એક વ્યક્તિને ગંભીર હાલતમાં હોવાનું જણાય છે. બનાવને લઈને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# SIRમાં BLO ના મોબાઈલ નંબર જાહેર કરાતા મહિલા કર્મીઓ પરેશાન, અનેક શાળામાં બાળકો શિક્ષક વગરના થયા....!

**અમદાવાદ, તા.16**

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ એટલે કે SIR અંતર્ગત સરકારી અને કોર્પોરેશન સ્કૂલના શિક્ષકોને અપાયેલી બૂથ લેવલ ઓફિસર (BLO)ની કામગીરીની લઈને રાજ્યભરમાં ઉગ્ર વિરોધ વધી રહ્યો છે. પ્રાથમિક શિક્ષક મહાસંગ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવા ઉપરાંત સીએમને પણ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ દ્વારા પણ શિક્ષકોને પડી રહેલી હાલાકી અને અભ્યાસ પર પડતી અસર મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી.




હાલ ચાલતી ચૂંટણી પંચની એસઆઈઆર કામગીરીમાં ગુજરાતના લગભગ 40 હજાર શિક્ષકોને રોકવામાં આવ્યા છે ત્યારે ગુજરાતની શાળાઓના બાળકો શિક્ષક વગરના થઈ ગયા છે. આવી સ્થિતિમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ચૂંટણી પંચની તમામ કામગીરી માટે અલગ કેડરની રચના કરવામાં આવે એવી માંગણી કરવામાં આવી છે. શૈક્ષણિક સંઘોની ફરિયાદ છે કે સરકારી અને કોર્પોરેશન સ્કૂલોના શિક્ષકોને બીએલઓની જે કામગીરી સોંપાય છે, તેમાં શિક્ષકોને ભારે હાલાકી પડી રહી છે.

ચૂંટણી પંચ દ્વારા યાદી શુદ્ધ સુધારણા માટેના જે ફોર્મ આપવામાં આવ્યા છે તે ફોર્મમાં પણ શિક્ષકોના પર્સનલ નંબર લખવામાં આવ્યા છે જેને લઈને તેમને ભારે હેરાન ગતિ થઈ રહી છે જેથી સંઘોએ કોમન હેલ્પલાઈન નંબર ફોર્મમાં આપવા માટે માંગણી કરી છે. આ ઉપરાંત ફોર્મ વિતરણ તેમજ કલેક્શન અને મતદારોને માર્ગદર્શનથી માંડી ફોર્મ સ્કેનિંગ સહિતની વિવિધ કામગીરી સોંપાતા શિક્ષણ કાર્ય પર અસર પડી છે. ઘણી સરકારી સ્કૂલોમાં 50 ટકા શિક્ષકોને કામગીરી સોંપાતા અભ્યાસને નુકસાન થઈ રહ્યું છે. પ્રાથમિક શિક્ષક મહાસંગે મુખ્યમંત્રી અને મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરતા રજૂઆત કરવામાં આવી છે કે હાલ જેટલા કર્મચારીઓને ઓર્ડર કરવામાં આવ્યા છે તેમાં 90 ટકા શિક્ષકો છે.

કામગીરીમાં હાજર ન રહેતા કેટલાક શિક્ષકો સામે પકડ વોરંટ પણ કાઢવામાં આવ્યા છે. આ પ્રથા બંધ થવી જોઈએ અને શિક્ષકોને પૂરતી તક મળવી જોઈએ. માનવતા પૂર્ણ પ્રક્રિયા થાય તે જરૂરી છે. વધુમાં બી.એલ.ઓ.ની કામગીરી માટે એક અલાયદી કેડર જ ઊભી કરવામાં આવે તો મુશ્કેલી ઊભી ન થાય. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ દ્વારા મુખ્ય સચિવને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે હાલ વર્ગખંડોમાં બાળકોના અભ્યાસ પર ખૂબ જ ગંભીર અસર પડી રહી છે.

# પોલીસની કારે અન્ય કારને ટક્કર મારી, જન રક્ષક PCR વેનમાંથી કફ સિરપની 6 બોટલ મળી, ડ્રાઈવરની ધરપકડ

**અમદાવાદ, તા.16**

અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ રોડ પર આવેલા સાયોના તિલક નજીક શનિવારે (15મી નવેમ્બર) રાત્રે પૂરપાટ ઝડપે આવેલી રહેલી પોલીસની 112 PCR વાને પાર્ક કરેલા વાહનોને ધડાકાભેર ટક્કર મારી હોવાની વીડિયો વાઈરલ થયો છે. અકસ્માતના બનાવમાં ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસ કારચાલક નશામાં હોવાનો આક્ષેપ કર્યો હતો. સમગ્ર મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. જ્યારે પોલીસ વાનમાં તપાસ કરતાં ગાડીમાંથી છ કફ સિરપ બોટલ મળી આવી હતી. આ મામલે એ ડિવિઝન ટ્રાફિક પોલીસે PCR વાન ડ્રાઈવરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ રોડ પર પાર્ક કરેલા વાહનો સાથે પોલીસની 112 જન રક્ષક PCR કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ પર પાર્ક કરેલા વાહનોને નુકસાન પહોંચ્યું હતું. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે સમગ્ર મામલે કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, અકસ્માતને અંજામ આપનારી PCR વાન સાબરમતી પોલીસ સ્ટેશનની છે. જેના ડ્રાઈવરની ઓળખ યશ પરમાર તરીકે થઈ છે. ઘટના બાદ પોલીસે ડ્રાઈવરને તરત જ કસ્ટડીમાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટના અંગે એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, 'અમે ડ્રાઈવરની ધરપકડ કરી છે અને PCR વાન વાહનો સાથે કેવી રીતે અથડાઈ તે અંગે વિગતવાર તપાસ શરૂ કરી દીધી છે. કફ સિરપની જપ્તી સહિત તમામ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. ઘટના સમયે વાનમાં અન્ય કોઈ કર્મચારી હાજર હતા કે કેમ અને ખાતાકીય કાર્યવાહી જરૂરી છે કે કેમ તે નક્કી કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.' અકસ્માતના બનાવમાં ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસ કારચાલક નશામાં હોવાનો આક્ષેપ કર્યો હતો. સમગ્ર મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. જ્યારે પોલીસ વાનમાં તપાસ કરતાં ગાડીમાંથી છ કફ સિરપ બોટલ મળી આવી હતી. આ મામલે એ ડિવિઝન ટ્રાફિક પોલીસે PCR વાન ડ્રાઈવરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નાણાંકીય વર્ષના માત્ર સાત મહિનામાં અમદાવાદ મ્યુનિ.ને પ્રોપર્ટી ટેકસની 1270 કરોડ આવક

**અમદાવાદ, તા.16**

એપ્રિલ-૨૫થી શરુ થયેલા નાણાંકીય વર્ષના માત્ર સાત મહિનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રોપર્ટી ટેકસની રુપિયા ૧૨૭૦.૯૩ કરોડ આવક થઈ છે. મિલકતવેરાની અંદાજવામા આવેલી આવક સામે અત્યારસુધીમા ૭૨.૮૧ ટકા આવક થઈ ગઈ છે. પશ્ચિમ ઝોનમાંથી અત્યારસુધીમાં મિલકતવેરાની રુપિયા ૩૦૯.૩૧ કરોડ આવક થવા પામી છે.આ ઉપરાંત પ્રોફેશન અને વહીકલ ટેકસની આવક મળી તમામ ટેકસની આવક રુપિયા ૧૬૦૧.૦૭ કરોડ થઈ ગઈ છે. ૧ એપ્રિલથી ૧૫ નવેમ્બર-૨૫ સુધીમાં શહેરના મધ્યઝોનમાંથી રુપિયા ૧૫૬.૯૭ કરોડ, ઉત્તરઝોનમાંથી રુપિયા ૯૯.૫૭ કરોડ, દક્ષિણ ઝોનમાંથી રુપિયા ૧૦૨.૭૬ કરોડ, પૂર્વ ઝોનમાંથી રુપિયા ૧૩૫.૪૧ કરોડ, પશ્ચિમ ઝોનમાંથી ૩૦૯.૩૧ કરોડ મિલકતવેરાની આવક થવા પામી છે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાંથી રુપિયા ૨૭૮.૨૮ કરોડ, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાંથી રુપિયા ૧૮૮.૬૨ કરોડ આવક થવા પામી છે.પ્રોફેશન ટેકસની રુપિયા ૧૭૦.૩૪ કરોડ આવક થવા પામી છે.જે લક્ષ્યાંક ની સામે ૬૩.૦૬ ટકા તથા વ્હીકલ ટેકસની રુપિયા ૧૪૩.૬૧ કરોડ આવક થવા પામી છે. જે લક્ષ્યાંકની સામે ૬૬.૩૫ ટકા આવક છે.તમામ ટેકસની ૭૧.૦૩ ટકા આવક થઈ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી બાકી મિલકતવેરો નહીં ભરતા કરદાતાઓને અવારનવાર નોટિસ અપાય છે.

# અંબાપુર પાસે કારે રિક્ષાને અડફેટે લેતા ચાલક યુવાનનું મોત નિપજ્યું

**ગાંધીનગર, તા.16**

ગાંધીનગર શહેર નજીક અંબાપુર અડાલજ માર્ગ ઉપર ગઈકાલે સવારના સમયે આગળ જતી રિક્ષાને કારે પાછળથી ટક્કર મારતા રીક્ષા ચાલક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જે ઘટના અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ આદરી છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે શહેર નજીક અંબાપુરથી અડાલજ તરફ જવાના માર્ગ ઉપર ગઈકાલે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં રીક્ષા ચાલક યુવાનનું મોત થયું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અંબાપુર ગામમાં જોગણી માતાના પરું ખાતે રહેતા બળદેવજી જ્યંતીજી ઠાકોર પેસેન્જર અને સ્કૂલ વર્ધી રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

# અમદાવાદમાં હાલ દિવસની 3 સિગારેટ પીવા જેટલું પ્રદૂષણ, 17 વિસ્તારમાં AQI 200થી વધુ

**અમદાવાદ, તા.16**

શિયાળાએ હજુ જમાવટ કરવાનું શરૂ કર્યું છે ત્યાં જ અમદાવાદમાં પ્રદૂષણનું સ્તર વધવા લાગ્યું છે. અમદાવાદમાં શનિવારે (15મી નવેમ્બર) સરેરાશ 160નો એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો. આમ,હવાની ગુણવાાનું આ નબળું સ્તર દિવસની 3 સિગારેટ પીવા સમાન છે.



મળતી માહિતી અનુસાર, શનિવારે રાત્રિના અમદાવાદમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) વધીને 210 થઈ ગયો હતો. શનિવારે સવારે સૌથી ઓછો 78 જ્યારે રાત્રે 8 વાગે સૌથી વધુ 210નો એક્યુઆઈ નોંધાયો હતો.

અમદાવાદમાં ઓક્ટોબર મહિનામાં દિવાળીના તહેવારોને બાદ કરતાં મોટાભાગના દિવસોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ 200થી વધુ નોંધાયો હતો. હવે નવેમ્બર મહિનામાં પણ આ ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. નવેમ્બરના 15 દિવસમાંથી 12 દિવસમાં AQI 200થી વધુ નોંધાયો હોવાનું સામે આવ્યું છે.

શિયાળામાં ઠંડી વધવાની સાથે વાતાવરણમાં પ્રદૂષક કણો જકડાઈ રહે છે. જેને કારણે આગામી ડિસેમ્બર મહિનામાં પ્રદૂષણના સ્તરમાં વધુ વધારો થવાની દહેશત નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે, જે શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વૉટ્સએપ નંબર - 8980070599

જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES

NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે, House Keeping સપ્લાય કરીએ છીએ.

- લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
- લેબર જોતા હોય તો કોલ કરો
- કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.



લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393